**તેજી હોય કે પછી મંદી,**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

**Nirmal Metro Daily, Ahmedabad**

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ
ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

# NIRMAL METRO

Sunday
17.02.2019
Year 07, Issue 42

દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

● વર્ષ : ૭ ● અંક : ૪૨ ● તા.૧૭.૦૨.૨૦૧૯ રવિવાર ● મહા સુદ ૧૨ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

ગુનેગારો-આકાઓ કોઈપણ જગ્યાએ છુપાશે તો પણ શોધી કઢાશે

# દરેક આંસુના હિસાબ તો લેવાશે જ : મોદીની લોકોને ફરી ખાતરી

એજન્સી દ્વારા
ધુલે,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રના ધુલેમાં આયોજિત જનસભામાં પાકિસ્તાન ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારતની નીતિ એવી રહી છે કે તે કોઈને છેડવામાં માનતો નથી પરંતુ જો તેની સાથે ચેડાં કરવામાં આવે તો તે કોઈને પણ છોડતો નથી. મોદીએ પોતાના સંબોધનમાં ચેતવણી આપતા કહ્યું હતું કે દરેક હુમલાખોરોને બોધપાઠ ભણાવવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે આજે તેઓ એવા સમયે તેમની વચ્ચે આવ્યા છે જ્યારે પુલવામામાં જવાનો ઉપર હુમલા બાદ દેશમાં આક્રોશ છે. એકબાજુ દેશમાં આક્રોશ છે. બીજી બાજુ આંખો ભીની છે. એક દેશના લોકોના માટે હાલનો સમય સાથે રહેવાનો છે. આ સંયમનો સમય છે. સંવેદનશીલતાનો સમય છે. શોકનો સમય છે પરંતુ તેઓ દરેક પરિવારને અને ભારતના લોકોને ખાતરી આપવા માંગે છે કે દરેક આંસુના જવાબ લેવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે ભારત નવી નીતિ અને નવી નીતિ સાથે સંબંધિત દેશ છે.

## મહારાષ્ટ્રમાં જુદા જુદા કાર્યક્રમોના ભાગરૂપે પહોંચેલા મોદીએ ખાતરી આપી ભારત નવી રીતી અને નવી નીતિનો દેશ છે જેનો અનુભવ વિશ્વના દેશને થશે

હવે દુનિયા પણ આનો અનુભવ કરશે. ભારત હવે આક્રમક મુદ્દા સાથે આગળ વધશે. સુરક્ષા જવાનો કોઈપણ બંદુક ચલાવનાર, બંદુક ઉપાડનાર, બોમ્બ ઝીંકનાર, બોમ્બ આપનારને ઉંઘવા દેશે નહીં. તેમને યોગ્ય રીતે બોધપાઠ ભણાવાશે. મોદીએ કહ્યું હતું કે અમારા જવાનોએ અદભૂત પરાક્રમનો પરિચય આપ્યો છે. નિસ્વાર્થભાવથી સેવા આપી છે. એકબાજુ દેશમાં નારાજગી છે. બીજી બાજુ આંખો ભીની છે. મહારાષ્ટ્રે પણ આ હુમલામાં પોતાના સપૂતોને ગુમાવ્યા છે. શુરવીર સપુતો અને તેમને જન્મ આપનાર દરેક માતાને તેઓ નમન કરે છે. અત્રે ઉલ્લેખનિય છે કે ગુરૂવારના દિવસે પલવામામાં સીઆરપીએફના કાફલાની એક બસને ટાર્ગેટ બનાવીને આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા. હુમલાના જવાબદારી જમ્મુ-કાશ્મીરના સક્રિય



જૈશે મોહંમદ સંગઠને સ્વીકારી લીધી છે. તેના લીડર મસુદ અઝહર હાલમાં પાકિસ્તાનમાં છુપાયેલો હોવાની બાબત સપાટી પર આવતી રહી છે. પાકિસ્તાનમાં મસુદ અઝહર ખુલ્લી રીતે ફરી રહ્યો છે. મસુદને ૨૪મી ડિસેમ્બર ૧૯૯૯ના દિવસે કંદહાર વિમાન અપહરણ કાંડ બાદ ભારતે મુક્ત કર્યો હતો. પુલવામા હુમલામાં આત્મઘાતી આતંકવાદી આદિલ અહેમદ દારનું નામ સપાટી પર આવ્યું હતું. આ મામલાની તપાસ એનઆઈએને સોંપી દેવામાં આવી છે. મોદીએ આજે પોતાના સંબોધનમાં પાકિસ્તાન ઉપર જોરદાર પ્રહારો કર્યો હતા. મહારાષ્ટ્રના યવાતમલમાં અનેક વિકાસ કામોની આધારશિલા મુકવા માટે મોદી પહોંચ્યા હતા. જેમાં મોદીએ પુલવામા હુમલાનો ઉલ્લેખ કરીને દેશના લોકોને ખાતરી આપી હતી કે દરેક પગલાં સામે નક્કર રીતે કાર્યવાહી કરવામાં આવશે. પુલવામાના શહીદોના બલિદાનને વ્યર્થ જવા દેવામાં આવશે નહીં. ત્રાસવાદી સંગઠનો અને તેમના આકાઓ દ્વારા જે ગુના કરવામાં આવ્યા છે તેની સજા ચોક્કસપણે મળશે. કોઈપણ જગ્યાએ છુપાઈ જશે તો પણ તેમને શોધી કાઢવામાં આવશે. યાવતમલમાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે અમે પોતાના સુરક્ષાબળો પર સંપૂર્ણપણે વિશ્વાસ અને ગર્વ કરીએ છીએ. સીઆરપીએફ જવાનોમાં જે જુસ્સો છે તે તેઓ સમજી શકે છે. જેથી સુરક્ષાબળોને ખુલ્લી છુટ આપી દેવાઈ છે. આતંકવાદીઓની હરકતને લઈને આજે દેશ આક્રોશમાં છે. જે પરિવારોએ પોતાના બાળકો ગુમાવ્યા છે તેમની પીડાને તેઓ સારી રીતે સમજી શકે છે. ગુનેગારોને છોડવામાં આવશે નહીં તેવી વાત મોદીએ અહીં પણ કરી હતી.



સ્વિડન દુનિયાનો એકમાત્ર દેશ છે જ્યાં નવુ સ્ટાર્ટઅપ કરવા ઈચ્છતા લોકોને સહાય કરવા અનોખો માર્ગ અપનાવાયો છે. જે કર્મચારી પોતાની નવી કંપની શરૂ કરવા માગે છે. તેને કંપનીમાંથી ૬ મહિનાની રજા મળે છે. અને જો કર્મચારી નવી કંપનીમાં સફળ ન થાય તો તેને ફરી પાછા કામ પર પરત લે છે. સ્વિડન વાસીઓને વ્યવસાય શરૂ કરવા રાજીનામુ આપવુ પડતુ નથી. જેને લીવ ઓફ એબસન્સ કહે છે.

ટેરર કેમ્પ, લોન્ચપેડ, અડ્ડાઓ ફુંકવા વિકલ્પો

# પોકમાં ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવા કેટલાક વિકલ્પો

## હવાઈ હુમલા સૌથી શ્રેષ્ઠ-અસરકારક વિકલ્પ હોઈ શકે

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૧૬

પુલવામામાં આતંકવાદી હુમલા બાદથી અંકશુરેખા પર ભારતે જોરદાર લશ્કરી જમાવટ કરી દીધી છે. પાકિસ્તાની સેનાએ પણ તેના એલર્ટના સ્તરને વધારી દેવામાં આવ્યા બાદ સ્થિતિ ખૂબ જ વિસ્ફોટક બની ગઈ છે. જોકે જાણકાર લોકો માની રહ્યા છે કે સરકારને પાકિસ્તાનને બોધપાઠ ભણાવવા માટે મર્યાદિત ક્રોસ બોર્ડર જુમલાને લઈને વિકલ્પો પર ગંભીરતાથી વિચારવું જોઈએ. લશ્કરી વિકલ્પ રહેલા છે જે પૈકી ટુંકા ગાળાની કાર્યવાહી વધારે ઉપયોગી છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદીઓના અડ્ડાઓ સામે હવાઈ હુમલાઓના વિકલ્પને સરકાર અપનાવીને આગળ વધી શકે છે. સુરક્ષા સંસ્થાઓમાં પણ એવી સહમતી છે કે ખુબજ સાવચીતેપૂર્વક હવાઈ હુમલા સૌથી મહત્વપૂર્ણ વિકલ્પ રહી શકે છે. સાથે સાથે પાકિસ્તાનને બોધપાઠ ભણાવવા આ જ ઓપરેશન ઉપયોગી રહેશે. સપ્ટેમ્બર ૨૦૧૬માં ભારતે ગ્રાઉન્ડ આધારીત સર્જિકલ હુમલા કર્યા હતા. જેમાં પાકિસ્તાની આતંકવાદીઓના અડ્ડાઓને ફુંકી મરાયા હતા. સુખોઈ-૩૦ વિમાન, મિરાજ-૨૦૦, જગુઆર જેવા યુદ્ધ વિમાનોનો ઉપયોગ કરીને હુમલા કરવામાં આવી શકે છે. સ્માર્ટ ગાઈડેડ બોમ્બ અને મિસાઈલનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અંકુશરેખા નજીક આતંકવાદી કેમ્પ અને લોન્ચપેડને ફુંકી મારવા માટે આનો ઉપયોગ કરવામાં આવી શકે છે. પાકિસ્તાનની એરસ્પેસમાં ઘુસી જઈને હુમલાની આ રીત સફળ સાબિત થઈ શકે છે. નામ જાહેર નહીં કરવાની શરતે એક અધિકારીએ કહ્યું છે કે આ પ્રકારના હવાઈ હુમલા માટેની તૈયારીનો સમય ઓછો હોય છે. બ્રહ્મોસ સુપર સોનિક ક્રુસ મિસાઈલ પણ આ પ્રકારના હુમલા માટે ઉપયોગી રહી શકે છે. જેના ભાગરૂપે પાકિસ્તાનની આર્મી પોસ્ટ, ટેરર કેમ્પ, લોન્ચ પેડ અને તેમના અડ્ડાઓને ફુંકવામાં મદદ મળી શકે છે.

જોકે આ પ્રકારની કવાયતમાં જવાબી કાર્યવાહી માટે પાકિસ્તાન તરફથી જોખમ પણ રહેલું છે. પાકિસ્તાન સાથે રાજદ્વારી બાબત કામ કરી રહી નથી. કારણ કે ચીન પાકિસ્તાનનો ટેકો ધરાવે છે.

# તિહાર જેલમાં કેદીઓની સુરક્ષામાં કરાયેલ વધારો

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૧૬

કાશ્મીરના પુલવામામાં આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે તિહાર જેલમાં પણ કેદીઓએ બે મિનિટનું મૌન પાળ્યું હતું. સાથે સાથે જેલમાં રહેલા કાશ્મીરી કેદીઓની સુરક્ષામાં પણ વધારો કરવાાં આવ્યો છે. એવી દહેશત પણ છે કે કેટલાક કેદીઓ તેમના ઉપર હુમલા કરી શકે છે. જેલ વહીવટી તંત્રના અધિકારીઓનું કહેવું છે કેસામાન્ય રીતે કાશ્મીરી કેદીઓને અન્ય કેદીઓથી અલગ રાખવામાં આવે છે. આમાંથી ખાસ કરીને કાશ્મીરી આતંકવાદીઓને અલગ રખાય છે. સીઆરપીએફના જવાનોની સાથે થયેલી ઘટના બાદ અહીં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

રાજનાથના નેતૃત્વમાં સર્વપક્ષીય બેઠકમાં ત્રણ સૂત્રીય પ્રસ્તાવ પાસ

# પુલવામા : સર્વપક્ષીય બેઠકમાં તમામ પાસા પર વિસ્તૃત ચર્ચા

એજન્સી દ્વારા
નવી દિલ્હી, તા.૧૬

પુલવામામાં ભીષણ આતંકવાદી હુમલા બાદ લોકોમાં પાકિસ્તાન સામે બદલો લેવાની માંગ વચ્ચે આજે ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં આ હુમલાના સંદર્ભમાં માહિતી આપવામાં આવી હતી. મિટીંગ બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે કહ્યું હતું કે આ મામલામાં સેના અને સરકારની સાથે સંપૂર્ણ વિપક્ષ મજબૂતી સાથે છે. બીજી બાજુ બેઠકમાં માહિતી આપતા સંસદીય બાબતોના મંત્રી નરેન્દ્ર તોમરે કહ્યું હતું કે કાશ્મીરની પ્રજા રાજ્યમાં શાંતિ ઈચ્છે છે. તે દેશની સાથે ઉભી છે. રાજ્યમાં કેટલાક એવા તત્વો છે જે સરહદ પારથી સમર્થિત ત્રાસવાદીઓને મદદ કરી રહ્યા છે. આ લોકો કાશ્મીરના દુશ્મન છે. તેઓ કાશ્મીરમાં શાંતિ ઈચ્છતા નથી. દેશ આતંકની સામે નિર્ણાયક જંગ ખેલાડી રહ્યો છે ત્યારે આ પ્રકારના લોકોને શોધી કાઢીને સજા કરવાનો સમય છે. જવાનોના બલિદાનને વ્યર્થ જવા દેવામાં આવશે નહીં. તોમરે કહ્યું હતું કે બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે અમે એકમત થઈને આતંકવાદને ઉખાડી ફેંકીશું. રાજનાથસિંહે તમામ પક્ષોના નેતાઓને આભાર માન્યો હતો. તમામ પક્ષોના નેતાઓએ મૌન પાળીને શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. કોંગ્રેસના નેતા આઝાદે કહ્યું હતું કે અમે દેશની અખંડતા અને એકતા માટે સરકારની સાથે ઉભા છીએ. કાશ્મીર હોય કે દેશમાં અન્ય કોઈપણ વિસ્તાર હોય કોંગ્રેસ પાર્ટી આતંકવાદની સામેની લડાઈમાં

## સમગ્ર વિપક્ષ સેના અને સરકારની સાથે હોવાની કોંગ્રેસની ખાતરી : સરહદ પારથી સમર્પિત ત્રાસવાદીઓને કેટલાક લોકોનો ટેકો હોવાની કબુલાત કરાઈ



સરકારને પૂર્ણ સમર્થન આપે છે. આઝાદે કહ્યું હતું કે તેઓએ ગૃહમંત્રીને એવી અપીલ કરી છે કે તેઓ વડાપ્રધાનને અમારી તરફથી એવું નિવેદન કરે કે તમામ રાષ્ટ્રીય અને ક્ષેત્રીય પક્ષોના અધ્યક્ષોની મિટીંગ બોલાવીને ચર્ચા વિચારણા કરે. બીજા પક્ષોને પણ વિશ્વાસમાં લેવામાં આવે તે જરૂરી છે. આ બેઠકમાં કેટલાક પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યા હતા. જે પ્રસ્તાવ પસાર કરાયા હતા તેમાં શહીદ જવાનોના પરિવારના સભ્યોને શ્રદ્ધાંજલિનો પણ સમાવેશ થાય છે. પ્રસ્તાવમાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરવામાં આવી છે. જેમાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે દેશવાસીઓની સાથે અમે આ દુઃખની ઘડીમાં સાથે છીએ. ત્રણ સૂત્રીય પ્રસ્તાવમાં એમ પણ કહેવાયું હતું કે સરહદ પારથી સમર્થન મેળવી રહેલા આતંકવાદની અમે નિંદા કરીએ છીએ. છેલ્લા ત્રણ દશકથી ભારત સરહદ પારથી આતંકવાદી હુમલાનો સામનો કરી રહ્યું છે. મોટી ખુવારી પણ ઉઠાવી છે. પાકિસ્તાનમાંથી આતંકવાદીઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. ભારત આ પડકારોને મળીને સામનો કરી રહ્યું છે. આ લડાઈમાં સમગ્ર દેશ એક સાથે છે. સુરક્ષા દળોની સાથે દેશ ઉભો છે. બેઠકમાં ગૃહ સચિવ રાજીવ ગોબા, કેન્દ્રિય રિઝર્વ પોલીસ ફોર્સના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસદ સંકુલમાં યોજાયેલી બેઠકમાં નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લા, એનસીપીના નેતા શરદ પવાર, ડાબેરી નેતા ડી.રાજા, શિવસેના નેતા સંજય રાવત, કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદ અને આનંદ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. જોકે આજની બેઠકમાં પાકિસ્તાન સામે કાર્યવાહીને લઈને કોઈ નિર્ણય લોયો ન હતો.

હુમલાની યોજના તૈયાર કરનાર કામરાનની વ્યાપક શોધ

# પુલવામા અટેક : સાત શકમંદને ઉઠાવાયા, વ્યાપક દરોડાનો દોર

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૧૬

જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં ગુરૂવારના દિવસે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલા બાદ સુરક્ષા દળોએ આક્રમક કાર્યવાહી જારી રાખી છે. જેના ભાગરૂપે રાજ્યના જુદા જુદા ભાગોમાં વ્યાપક દરોડાનો દોર જારી છે. કાર્યવાહીમાં જમ્મુ કાશ્મીર પોલીસે કાવતરાની શંકામાં દક્ષિણ કાશ્મીરના સાત શખ્સોને ઉઠાવી લીધા છે. તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ પુછપરછ કરવામાં આવી રહી છે. હુમલામાં ચાલી રહેલી તપાસથી જાણવા મળ્યુ છે કે ભીષણ હુમલા માટેનુ કાવતરુ પુલવામાંના ત્રાલ ખાતે રચવામાં આવ્યુ હતુ. ત્રાલ એજ વિસ્તાર છે જે વિસ્તારમાં વર્ષ ૨૦૧૬માં પણ હુમલો કરવામાં આવ્યો હતો. અહીં વર્ષ ૨૦૧૬માં બુરહાન વાનીને ઠાર કરી દેવામાં આવ્યો હતો. સીઆરપીએફ કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ સમગ્ર જમ્મુ કાશ્મીરમાં વ્યાપક સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. તમામ શકમંદ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. શંકાસ્પદ લોકો ઉપર નજર રાખવામાં આવી રહી છે. બ્લાસ્ટના સ્વરૂપના મામલામાં તપાસ ચાલી રહી છે. પુલવામા હુમલાના કનેકશનમાં વ્યાપક દરોડાના ભાગરૂપે કેટલાક મોટા આતંકવાદીઓની ધરપકડ કરવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ હુમલાની યોજના તૈયાર કરનાર કામરાનની શોધખોળ ચાલી રહી છે જે જૈશનો સભ્ય છે અને દક્ષિણ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં સક્રિય થયેલો છે. તે આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા માટે સ્થાનિક લોકોની સહાયત લઈ રહ્યો છે. જેથી તેની તપાસ પણ ચાલી રહી છે. પોલીસે જૈશે મોહંમદના એક અન્ય સક્રિય સભ્યની પણ શોધખોળ હાથ ધરી છે. જે શખ્સે પુલવામા હુમલા માટે વિસ્ફોટકોની વ્યવસ્થા કરી હતી. એનેઆઈએની ટીમ દ્વારા પુરાવા

## સીઆરપીએફના કાફલા પર પ્રચંડ હુમલા માટે વિસ્ફોટકોની વ્યવસ્થા કરનાર જૈશના સ્થાનિક સક્રિય સભ્યની પણ શોધખોળ : પોલીસ સામે અનેક પડકારો

એકત્રિત કરવામાં આવી રહ્યા છે. એનઆઈએની ૧૨ સભ્યોની ટીમ ઘટના સ્થળે પહોંચીને લેથીપોરા સ્થિત વિસ્તારમાં પુરાવા એકત્રિત કરી રહી છે. આ બ્લાસ્ટમાં પ્રાથમિક અહેવાલ મુજબ આરડીએક્સનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો પરંતુ આ બ્લાસ્ટમાં યુરિયા બનાવવા માટે ઉપયોગ કરવામાં આવતા રસાયણનો મોટાપાયે ઉપયોગ કરવામાં આવ્યો હતો જે વધારે ખતરનાક સંકેત આપે છે અને આમા સ્થાનિક લોકોની સંડોવણી સ્પષ્ટપણે નજરે પડે છે. યુરિયા બનાવવા માટે ઉપયોગી રસાયણ સરળતાથી ઉપલબ્ધ બને છે. આવી સ્થિતિમાં સ્થાનિક લોકોની સીધી સંડોવણી આતંકવાદીઓ સાથે હોઈ શકે છે જેથી ચિંતા વધી ગી છે. ઈરાન અને ઈરાક તેમજ સિરિયામાં આ પ્રકારના વાહનોનો ઉપયોગ કરીને વિતેલા વર્ષોમાં હુમલા કરવામાં આવ્યા હતા.પુલવામાં હુમલાના સંબંધમાં પોલીસે આવંતીપોરા અને આસપાસના વિસ્તારમાંથી સાત લોકોને કસ્ટડીમાં લીધા છે. એમ માનવામાં આવે છે કે હુમલાની યોજના એક પાકિસ્તાની નાગરિક કામરાન નામના શખ્સે બનાવી હતી. જે જેશનો સભ્ય છે. કામરાન હાલમાં દક્ષિણ કાશ્મીરના પુલવામાં, અવંતિપોરા અને ત્રાલ વિસ્તારમાં સક્રિય હોવાના હેવાન મળ્યા છે.

# કારમાં પ્રચંડ બ્લાસ્ટ મારફતે હુમલાથી હવે નવા પડકાર છે

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૧૬

૨૦૧૮માં કાશ્મીરમાં ત્રાસવાદીઓએ સ્નાઈપર્સ અને શાર્પ શુટરના મારફતે સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવવા માટેની શરૂઆત કરી હતી. જેના લીધે સેના અને સુરક્ષા દળોએ તેમની આ રણનિતી સામે લડવાની વ્યુહરચના ઘડી કાઢી હતી. હવે ત્રાસવાદીઓ નવી નિતી મુજબ હુમલો કરી રહ્યા છે. પુલવામાં ખાતે કાર આઈઈડી બોમ્બ બ્લાસ્ટનો તરીકે અજમાવીને ત્રાસવાદીઓએ ભારે નુકસાન ભારતીય સુરક્ષા જવાનોને પહોંચાડી દીધુ છે. આવી સ્થિતીમાં સુરક્ષા દળો સામે હવે આ પડકાર સામે લડવાની પણ જવાબદારી રહેશે. સુત્રોએ કહ્યુ છે કે ભવિષ્યમાં આ પ્રકારના હુમલા વધારે થઈ શકે છે. કેટલાક લોકો કહે છે કે બોમ્બ બનાવનાર લોો એક કારના સ્થાન પર કેટલીક ગાડીઓ પર વિસ્ફોટક ભરવાની રણનિતી પર કામ કરે છે. આ પ્રક્રિયામાં ખુબ સમય લાગે છે. નિષ્ણાંતો માને છે કે પાકિસ્તાન પરત ફરતા પહેલા એવી ચારથી પાંચ ગાડીઓમાં વિસ્ફોટક ભરીને એલઓસી તરફ પરત ફરવાનુ કામ કરવામાં આવ્યુ હશે. નવા પ્રકારના ખતરાને પહોંચી વળવા માટે સુરક્ષા દળોને હવે નવી રણનિતી પર કામ કરવાની જરૂર રહેશે. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ વર્ષોથી સક્રિય રહ્યા છે અને આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન અને ઓપરેશન ઓલઆઉટ યુદ્ધના ધોરણે જારી છે ત્યારે આ આતંકવાદી હુમલાને મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. જૈશના અફઝલ ગુરુ સ્કવોડે અગાઉ પણ અનેક હુમલાઓને અંજામ આપ્યા છે. શ્રીનગરના લાલચોક ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત પોલીસ જવાનો શહીદ થયા હતા. ત્રાસવાદીઓ સામે નિર્ણાયક કાર્યવાહીનો સમય છે. કારમાં બ્લાસ્ટ મારફતે હુમલાની શરૂઆત કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળો માટે નવી ટેન્શન ઉભી થઈ ગઈ છે.

## નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

અમેરિકા અને પશ્ચિમના દેશો એ આ વાત ઉપર પણ વિચાર કરવો જોઈએ કે જેને તેઓ આતંકવાદ કહી રહ્યા છે અને તેના ઉન્મૂલન માટે એકવીસમી સદીના સૌથી લાંબા અને વિશ્વવ્યાપી યુદ્ધને માટે કમર કસી રહ્યા છે તેની વાસ્તવિકતા શું છે અને આ આતંકવાદની સમસ્યાઓ અને બાબતોને કઈ રીતે ઉકેલવી જોઈએ.આતંકવાદના જે પાસાની કોઈ પણ દશામાં તરફેણ ન કરી શકાય તેને જે અત્યંત નિંદનીય છે અને જેનો ભરપૂર વિરોધ થવો જોઈએ તે આ છે કે રાજનીતિક અને વૈદ્ય ઉદ્દેશ્યોની પ્રાપ્તિને માટે એવી પદ્ધતિઓ અને માર્ગ અપનાવવામાં આવે જેના પરિણામ સ્વરૂપ નિર્દોષ જીવન હોમાય. આ અક્ષમ્ય અપરાધ છે અને આનાથી લોકોને દૂર રાખવા માનવતાની સેવા અને સ્વયંનાદનો શુભ-ચિંતક છે જે જાણી-જોઈને અથવા કેવળ પરિસ્થિતિઓના પ્રવાહમાં આવા અપરાધ કરી બેસે છે. પરંતુ વિચારણીય બાબત આ છે કે જો સમસ્યાના ઉકેલ માટે સુધારણાના વૈદ્ય અને યોગ્ય માર્ગ બંધ કરી દેવામાં આવશે, જો માત્ર શક્તિ, હઠ-ધર્મી, સ્વાર્થપરતા, પક્ષપાત, અભિમાન, આર્થિક અને સૈનિક ઉચ્ચતા અને ક્ષેત્રીય અથવા વિશ્વ-શ્રેષ્ઠતાના ઘૃણિત ઉદ્દેશ્યને માટે અન્ય મનુષ્યોને તેમના અધિકારથી વંચિત રાખવામાં આવશે અને પરિસ્થિતિની સુધારણાની સંભાવના સમાપ્ત કરી દેવામાં આવશે. તો તેની સ્વભાવિક પ્રતિક્રિયા પ્રકટ થાય છે અને તે ઉચિતની સાથે અનુચિત માર્ગ પણ અપનાવી લે છે. એટલા માટે ઈતિહાસનું ઉદાહરણ આ છે કે અત્યાચાર અને અન્યાયની ઉપસ્થિતિમાં તેના સંરક્ષણની સાથે એ કારણોને આંખ આડા કાન કરીને જો વ્યક્તિઓ, સમૂહો, અને રાષ્ટ્રોને હિંસા ઉપર આધારિત સંઘર્ષના માર્ગ ઉપર નાખી દેવામાં આવે છે, જેનાથી પરિસ્થિતિની સુધારણાની સંભાવના નથી. અમેરિકા અને વિશ્વ મૂડીવાદની વિરુદ્ધ જે ઘૃણા અને ઉદાસીનતા છે. તે સાર્વભૌમ્ય સત્ય છે અને માત્ર સૈન્ય કાર્યવાહીથી આતંકવાદનો સફાયો અસંભવ છે. બ્રિટીશ સાંસદ સભ્ય જ્યોર્જ ગેલરે સંસદમાં પોતાના ભાષણમાં યોગ્ય કહ્યું છે કે જો તમે એક દિવસ બિન લાદેનને મારી દેશો તો એક હજાર બિન લાદેન જન્મ લેશે.મૂળ સમસ્યા એ કારણોની શોધ કરવી અને તેની સુધારણા છે જેના પરિણામ સ્વરૂપ અમેરિકા અને યુરોપ સહિત વિશ્વના અધિકતર ક્ષેત્રોમાં વિદ્રોહ અને બેચેનીની હવા ઉભી થઈ રહી છે અને ઉત્પીડિત લોકો પોતાના જાન ઉપર ખેલી લેવા માટે વિવશ થઈ રહ્યા છે. આતંકવાદની વિરુદ્ધ બોમ્બ, મીસાઈલ એ વસ્તીઓ ઉપર આગ વરસાવીને ના લડી શકાય. આ યુદ્ધ તો એ જ પ્રકારનું છે જે ગરીબી, ભુખમરી, બીમારી અને અજ્ઞાનતા જેવી આપદાઓની વિરુદ્ધ લડવામાં આવે છે. આ ક્રોધ અને શક્તિથી નહીં, અત્યંત સૂઝ-બુઝ અને સમુચિત ઉપાયોથી લડવામાં આવી શકે છે. માનવીય ગુંચવણોને ઉકેલવાની ખરી પદ્ધતિ ત્યજીને માત્ર સૈન્ય-બળથી જ્યારે પણ મનુષ્યને દબાવવાના પ્રયાસો થયા છે, તે નિષ્ફળ રહ્યા છે. ઉગ્રતાને વધારવાના અને અત્યાચારમાં વૃદ્ધિ કરવાના આનાથી વધારે પ્રભાવી કોઈ બીજી પદ્ધતિ હોઈ જ ન શકે કે પ્રતિશોધની જ્વાળામાં બળીને જન-આંદોલનોને બળ-પૂર્વક કચડવાની ચેષ્ટા કરવામાં આવે.વૈશ્વિક સામ્યવાદે બે વર્ષ સુધી આ યુદ્ધ કર્યું અને અંતે સ્વતંત્રતાના આંદોલનથી સમાધાન કરવું પડયું અને ગઈકાલના આતંકવાદી આજના રાજનૈતિક નેતા અને શાસક બની ગયા.

# ઓપરેશન ઓલઆઉટમાં નવા પ્રકારે રણનીતિ બનાવવી પડશે

**ઓપરેશન ઓલઆઉટમાં જૈશ-એ-મોહમ્મદના ઘણા ટોપ કમાન્ડર ઠાર મરાયા. જૈશની પાકિસ્તાન સ્થિત કેડર નબળી પડી ગઈ હતી પરંતુ એક સ્થાનિક આતંકવાદીના દમ પર જૈશએ પોતાની રચના બાદનો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો. આ હુમલા બાદ ઓપરેશન ઓલઆઉટમાં સુરક્ષાદળોને ફરીથી નવા પ્રકારે રણનીતિ બનાવવી પડશે**

એજન્સી દ્વારા-પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ સતત ઘુસણખોરી કરી રહ્યા છે અને આતંકવાદી સંગઠનમાં સામેલ થવા માટે યુવાનોઓને પણ લાલચ આપી રહ્યા છે. પોલીસને ઓપરેશન થકી તેમના વિરુદ્ધમાં મોટી સફળતા મળી રહી છે. આ વર્ષમાં ૨૫૭ આતંકવાદીઓને પોલીસે ઠાર માર્યા છે જે એક રેકોર્ડ છે.જમ્મુ અને કાશ્મીરની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે સમાપ્ત થતાં પોલીસે હાશકારો લીધો છે. જૈશ અને તેના જેવા અન્ય જૂથોના નેતૃત્વને નાબૂદ કરવામાં આવી ચૂક્યા છે. તેનાથી નિરાશ અને હતાશ થઈને આતંકવાદીઓ હવે સામાન્ય નાગરિકો અને પોલીસ જવાનોને નિશાન બનાવી રહ્યા છે. માદક પદાર્થો વિરુદ્ધ માં પણ આ વર્ષે સફળતાપૂર્વક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે ૨૮ કિલો હેરોઈનનો જથ્થો કબજે કર્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં હાલના સમયમાં ૨૫૦થી ૩૦૦ આતંકવાદીઓ સક્રિય છે.મહત્વનું છે કે, સપ્ટેમ્બર ૨૦૧૮માં જમ્મુ અને કાશ્મીરના પોલીસ પ્રમુખ એસપી વૈદને અચાનક તેમના પદ પરથી દૂર કરીને પ્રદેશનો હંગામી ચાર્જ ડીજીપી દિલબાગ સિંહને સોંપવામાં આવ્યો હતો. સિંહ ૧૯૮૭ની બેચના આઈપીએસ અધિકારી છે.જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ગુરુવારે થયેલો આતંકી હુમલો ઈતિહાસમાં અત્યારસુધીનો સૌથી મોટો આતંકી હુમલામાંથી એક છે. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૧૪થી ૨૦૧૮ની વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં શહીદ થનારા જવાનોની સંખ્યામાં ૯૩ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત, આ પાંચ વર્ષોમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટનાઓમાં ૧૭૬ ટકાનો વધારો થયો છે.ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૪ની સરખામણીમાં ૨૦૧૮માં કાશ્મીરમાં નાગરિકો, સુરક્ષાદળો અને આતંકવાદીઓ- ત્રણેયના મોતની સંખ્યામાં વધારો થયો છે.૨૦૧૪થી ૨૦૧૮ની વચ્ચે નાગરિકોના મૃત્યુમાં ૩૫.૭૧ ટકાનો વધારો થયો છે. જ્યારે આતંકી હુમલાઓમાં શહીદ થનારા સુરક્ષાદળોની સંખ્યામાં ૯૩ ટકાનો વધારો થયો છે. ૨૦૧૪માં જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલાઓમાં ૪૭ જવાનોએ જીવ ગુમાવ્યો હતો. જ્યારે ૨૦૧૮માં ૯૧ જવાનો શહીદ થયા હતા. આ જ રીતે ૨૦૧૪ની સરખામણીમાં ૨૦૧૮માં ૪૪ જવાન વધુ શહીદ થયા હતા. જોકે, ૨૦૧૪ની સરખામણીમાં ૨૦૧૮માં ૧૩૩.૬૩ ટકા વધુ આતંકીઓ માર્યા ગયા હતા. ૨૦૧૪માં ૧૧૦ આતંકી સેનાના ઓપરેશનમાં માર્યા ગયા હતા, જ્યારે ૨૦૧૮માં ૨૫૭ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા.૨૦૧૪થી ૨૦૧૮ની વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં કુલ ૧૩૧૫ લોકો આતંકવાદને કારણે માર્યા ગયા. જેમાં ૧૩૮ (૧૦.૪૯ ટકા) નાગરિકો હતો, ૩૩૯ (૨૫ ટકા) સુરક્ષા દળ અને ૮૩૮ (૬૩.૭૨ ટકા) આતંકવાદીઓ હતા.૨૦૧૪થી ૨૦૧૮ની વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં કુલ ૧૭૦૮ આતંકવાદી હુમલા થયા. કહી શકાય કે આ પ્રમાણે દર મહિને ૨૮ આતંકવાદી હુમલા જમ્મુ-કાશ્મીરમાં થયા. ભારત સરકારના આંકડા આ વાતની પુષ્ટિ કરે છે. આ આંકડાઓ ગૃહ રાજ્યમંત્રી હંસરાજ આહિરે લોકસભામાં રજૂ કર્યા હતા.ગૃહ મંત્રાલયના આંકડા દર્શાવે છે કે, ૨૦૧૪માં રાજ્યમાં ૨૨ આતંકી ઘટનાઓ બની હતી. ૨૦૧૫માં તેમાં નજીવો ઘટાડો આવ્યો અને આ આંકડો ૨૦૧૮ થયો હતો. પરંતુ ૨૦૧૬ બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલાઓમાં સતત વધારો થયો છે. ૨૦૧૬માં જમ્મુ-કાશ્મીરમાં આતંરી ગતિવિધિઓમાં ૫૪.૮ ટકાનો વધારો થયો, ૨૦૧૭માં ૬ ટકાનો વધારો થયો છે. આ વર્ષે ૩૪૨ આતંકી હુમલાઓ થયા. ૨૦૧૮માં આ આંકડામાં ૭૯.૫૩ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૧૮માં ૬૧૪ આતંકી હુમલાઓ થયા. આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૧૮માં દર મહિને ૫૧ આતંકી હુમલાઓ થયા.કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા પછી આતંકી હુમલા ઓછા થયા છે.ગૃહ મંત્રાલયનાં આંકડા મુજબ ૨૦૧૪માં ૩ આતંકી હુમલા થયા. જો કે ત્યારબાદ ૨૦૧૮માં માત્ર એક જ આતંકી હુમલો થયો છે. ૨૦૧૫-૧૬માં માત્ર એક-એક હુમલા કરાયા. જો કે ૨૦૧૭માં એક પણ આતંકી હુમલો નથી થયો. આતંકી હુમલામાં કુલ ૧૧ નાગરીકોનાં મોત થયા હતાં. જેમાંથી ૧૧ સુરક્ષા જવાનો શહિદ થયા હતાં. જ્યારે સૈન્યએ ૭ આતંકિઓને ઠાર કર્યા હતાં.નકસલ પ્રભાવિત રાજ્યોની વાત કરીએ તો પાછલા ૫ વર્ષમાં હિંસક ઘટનાઓમાં ઘટાડો આવ્યો છે. પાછલા પાંચ વર્ષોમાં કુલ ૪,૯૬૯ નકસલી હુમલા થયા છે. ૨૦૧૪માં ૧૦૯૧ નક્સલી હુમલા અને ૨૦૧૮માં ૮૩૩ નકસલી હુમલા થયા છે. ૨૦૧૫માં ૧૦૮૯, ૨૦૧૬માં ૧૦૪૮ અને ૨૦૧૭માં ૯૦૮ નકસલી ઘટના સામે આવી છે. નકસલી હુમલા દરમિયાન પાછલા પાંચ વર્ષોમાં નાગરીકોનાં મોતનો આંકડો ઘટ્યો છે. ત્યારબાદ નકસલીઓ વિરૂદ્ધ ચલાવાયેલા ઓપરેશન દરમિયાન દર વર્ષે વધારેમાં વધારે નકસલીઓ ઠાર કરાયા. ૨૦૧૪માં ૬૩ નક્સલી માર્યા ગયા હતાં. જો કે ૨૦૧૮માં ૨૨૫ નકસલીઓ ઠાર મરાયા.પૂર્વોત્તર રાજ્યોમાં પણ હિંસક ઘટનાઓ ઓછી થઈ છે. ૨૦૧૪માં ૮૨૪ હિંસક ઘટનાઓ બની હતી. ૨૦૧૮માં ૨૫૨ હિંસક ઘટના બની. છેલ્લા પાંચ વર્ષોમાં ૧૦૯ સુરક્ષા જવાનો શહિદ થયા છે. સૈન્યએ ૫૦૮ ઉગ્રવાદિઓને મારી નાંખ્યા.ગૃહ મંત્રાલયનાં આંકડા પ્રમાણે,જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટનાઓમાં સતત વધારો થયો છે. ૨૦૧૪માં ૨૨૨ આતંકી હુમલા થયા, તો ૨૦૧૮માં ૬૧૪ આતંકિ હુમલા થયા. ૨૦૧૫માં ૨૦૮, ૨૦૧૬માં ૩૨૨, ૨૦૧૭માં ૩૪૨ આતંકિ ઘટના બની. પાછલા પાંચ વર્ષોમાં કુલ ૮૩૮ આતંકીને ઠાર મરાયા. જ્યારે ૩૩૯ સુરક્ષાજવાનો શહિદ થયાં. કુલ ૧૩૮ નાગરિકોનાં મોત થયા હતાં. પુલવામા હુમલો ઓપરેશન ઓલઆઉટને માટે સીધો પડકાર છે. ઉપરાંત જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓ તરફથી થઈ રહેલા દાવાઓ સામે સવાલ ઉઠ્યા છે. જો ઓપરેશન ઓલ આઉટથી આતંકવાદીઓને કમર તુટી ગઇ હતી તો પછી જૈશના આતંકવાદીઓ પુલવામા હુમલો કરવામાં કેવી રીતે સફળ થયા.પુલવામામાં સીઆરપીએફના કાફલા પર થયેલા આત્મઘાતી હુમલો દેશવાસીઓ અને શહીદ પરિવાર માટે જેટલો કષ્ટદાયક રહ્યો છે. તેટલો જ સુરક્ષા એજન્સીઓ માટે પડકાર બની ગયો છે. ઓપરેશન ઓલઆઉટમાં જૈશ-એ-મોહમ્મદના ઘણા ટોપ કમાન્ડર ઠાર મરાયા. જૈશની પાકિસ્તાન સ્થિત કેડર નબળી પડી ગઇ હતી પરંતુ એક સ્થાનિક આતંકવાદીના દમ પર જૈશએ પોતાની રચના બાદનો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો. આ હુમલા બાદ ઓપરેશન ઓલઆઉટમાં સુરક્ષાદળોને ફરીથી નવા પ્રકારે રણનીતિ બનાવવી પડશે.ભારતીય સેનાએ અન્ય સુરક્ષાદળો સાથે મળીને ૨૦૧૭માં ૨૧૭ આતંકવાદીઓ અને ૨૦૧૮માં ૨૫૦ આતંકવાદીઓને કાશ્મીરમાં ઠાર માર્યા. જેમાં જૈશ-એ-મોહમ્મદના ૮૦થી વધુ આતંકી છે. તેમજ ૬૦ આતંકવાદી તો પાકિસ્તાન અને પીઓકેના હતા. ઓપરેશન ઓલઆઉટમાં જૈશના ઘણા ટોપ કમાન્ડરને ઢાળી દેવામાં આવ્યા. જેમાં નૂર તાંત્રે, તલા રાશિદ, મસૂદ અઝહરનો ભત્રીજો વગેરે સામેલ છે.મસૂદ અઝહરનું સંગઠન કાશ્મીરમાં પોતાને જીવંત રાખવા માટે સંઘર્ષ કરી રહ્યું હતુ. પરંતુ પુલવામા હુમલાથી જૈશ ઉપસ્થિતિ ફરી સામે આવી છે. આ પડકારનો સામનો કરવા માટે સુરક્ષા દળોએ નવેસરથી રણનીતિ બનાવવી પડશે. ગત વર્ષે ૨૦૦થી વધુ આતંકવાદીઓ ઠાર મરાયા. તો તેની સામે ૧૫૦થી વધુ આતંકવાદીઓને આતંકી સંગઠનોએ ભરતી પણ કરી. તેવામાં કાશ્મીરમાં હજુ પણ ૩૦૦થી વધુ સ્થાનિક આતંકવાદીઓ છે. આ આતંકવાદીઓ પર સુરક્ષાદળોએ ગાળિયો વધુ મજબૂત કરવો પડશે. કારણ કે જૈશ-એ-મોહમ્મદની પાસે પીઓકેમાં પોતાની કેડર ઘણી ઓછી છે. જેથી તે સ્થાનિક આતંકવાદીઓના દમ ઉપર ભારતીય સુરક્ષા દળોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.જમ્મુ-કાશ્મીરની ધરતીને રકતરંજીત કરનારા પાકિસ્તાન સામે ભારત સરકાર કડક કાર્યવાહીનું આશ્વાસન આપી રહી છે. અને સાથે જ કહી રહી છે કે સેનાને કાર્યવાહી કરવા માટે ખુલી છૂટ અપાઇ છે. ત્યારે આવો જાણીએ કે પાકિસ્તાનને તેની ભૂલનો અહેસાસ કરાવવા માટે ભારતીય સેના કયા પ્રકારના સંભવિત આકરા પગલા લઇ શકે છે.ભારતવાસીઓ ઇચ્છે છે કે પાકિસ્તાનને પોતાનું વલણ બદલવા માટે મજબૂર કરવા માટે સરકાર કોઇ મોટી સૈન્ય કાર્યવાહી કરે. એક રિપોર્ટ મુજબ ભારતીય સેના પાસે એવા કેટલાક વિકલ્પો છે કે જેનો ઉપયોગ કરીને ભારતીય સેના જોખમથી દૂર રહી શકે છે. જેમાં મિસાઇલ હુમલો, હવાઇ હુમલો અને સરહદ પાર પાકિસ્તાની આતંકી અડ્ડાઓ પર હુમલા કરવાના વિકલ્પ સામેલ છે.ચોક્કસ ઠેકાણાઓ પર હવાઇ હુમલા ભારતીય સેના માટે વ્યવહારૂ અને પ્રભાવી વિકલ્પ છે. ભારતીય વાયુસેના પાસે સુખોઇ-૩૦ એમકેઆઇ, મિરાજ-૨૦૦૦, જગુઆર જેવા યુદ્ધ વિમાનો છે, કે જે સ્માર્ટ ગ્લાઇડર બોમ્બથી સજ્જ છે. આ યુદ્ધ વિમાનોનો ઉપયોગ એલઓસી નજીક બનેલા આતંકવાદી કેમ્પ અને લોન્ચ પેડને ખતમ કરવા માટે કરી શકાય છે.પાકિસ્તાની સેનાની ચોકીઓ, આતંકવાદી કેમ્પ અને લોન્ચપેડ્સને નિશાન બનાવવા માટે ભારતીય સેના પાસે સ્મર્ચ મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમ પણ ઉપલબ્ધ છે. જે ૯૦ કિલોમીટરના અંતર સુધી પ્રહાર કરી શકે છે. આ ઉપરાંત ભારત બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલનો ઉપયોગ પણ કરી શકે છે.જે રીતે ઉરીમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાએ સર્જિકલ સ્ટ્રાઇક કરીને પાકિસ્તાનને જડબાતોડ જવાબ અપાયો હતો તે પ્રકારે પાકિસ્તાનમાં ધમધમી રહેલા આતંકના અડ્ડાઓને સંપૂર્ણપણે ખતમ કરી શક્યા છે. આ ઉપરાંત ભારતીય સેના જે રીતે ઓસામા બિન લાદેન સામે અમેરિકાએ ઓપરેશન ચલાવ્યું હતુ તે રીતે લશ્કરે તોઇબાના આતંકી હાફિઝ સઇદ, જૈશ-એ-મોહમ્મદના આતંકી મસૂદ અઝહર સામે પણ ઓપરેશન ચલાવી શકે છે.પોતાની ધરતીની સુરક્ષા માટે તેમજ પાકિસ્તાન ઉપર ભીંસ વધારવા માટે સરહદ પર મોટી સંખ્યામાં ભારતીય સેના, ટેંક, તોપ અને અન્ય હથિયારોની તૈનાતી પણ એક વિકલ્પ છે. જેના દ્વારા ઘૂસણખોરી પર લગામ લગાવી શકાય છે. ઉપરાંત પાકિસ્તાનને પણ ડરાવી શકાય છે કે જો તે સખણું નહીં રહે તો ભારત મોટી કાર્યવાહી કરી શકે છે. સંસદ પર થયેલા હુમલા બાદ વાજપેયી સરકારના સમયમાં પણ સરહદ પર સેના ખડકી દેવામાં આવી હતી.

# રાષ્ટ્રીય હિતમાં રાષ્ટ્રીય સર્વસંમતિ જરૂરી

એજન્સી દ્વારા-રાષ્ટ્રીય હિતની વાત આવે ત્યારે બધાં હકારમાં માથું ધૂણાવે છે, પણ પછી, પણ કહીને એકાદ મુદ્દો ઉમેરે છે. રાષ્ટ્રીય હિતના દુગ્ધમાં કશું પણ મેળવણ કરો એટલે દૂધ બગડી જાય છે. રાષ્ટ્રીય હિત નિર્ભેળ રાખવું પડે – વ્યક્તિગત, જૂથીય, પંથીય, સંસ્થાકીય, રાજકીય, વ્યવહારીય બધા જ હિતોને બાજુએ મૂકવા પડે. ભારતની આઝાદીની એક સદી પૂરી કરવામાં હવે થોડી વાર છે, પણ હજી સુધી ઘણી બધી બાબતોમાં રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી થઈ નથી.આપણે જેને રાષ્ટ્રીય સર્વસંમતિ સમજીએ છીએ, તે રાષ્ટ્રીયગૌરવ કે વારસાનું મહાત્મ્ય એ સર્વસંમતિ નથી. વિવિધતામાં એકતા એ એક રાષ્ટ્રીય સર્વસંમતિ છે ખરી, પરંતુ તે વૈચારિક અને આદર્શિક સર્વસંમતિ છે. રાષ્ટ્રની ભૂમિ વાસ્તવિક ભૂમિ છે અને તેના માટે નક્કર અને વ્યવહારિક સર્વસંમતિ જરૂરી હોય છે.ખાસ કરીને દેશની વિદેશ નીતિ કેવી હોવી જોઈએ તે વિશે સર્વસંમતિ જરૂરી હોય છે. વિશ્વના મોટા ભાગના સફળ દેશોમાં આ બાબતમાં એક સર્વસંમતિ બની હોય છે. વિદેશ નીતિમાં પણ બે હિસ્સા હોઈ શકે છે. એક વિદેશ નીતિ એટલે દુનિયાભરના દેશો સાથે અથવા કહો કે દુનિયા સાથે સંબંધો રાખવાની નીતિ. બીજી સૌથી અગત્યની નીતિ પડોશી દેશો સાથે કેવા સંબંધો રાખવા તેની નીતિ. પડોશી બદલી શકાતો નથી. પોતાનું મકાન વેચીને સ્વંય બદલી જઈએ તે વાત જુદી છે. બીજે રહેવા જતાં રહીએ તે વાત પ્રાચીન કાળમાં શક્ય હતી, કેમ કે વિશાળ ધરતી ખુલ્લી પડી હતી. કોઈ એક સમૂહને અન્ય સમૂહ સાથે ના ભાવે ત્યારે ઊચાળા ભરીને દૂરની અજાણ ભોમકામાં વસવાટ કરવા જઈ શકાતું હતું. મનુષ્યોએ હવે ધરતીને સરહદોમાં વહેંચી નાખી છે અને સરહદો એટલી સહેલાઈથી હવે પાર કરી શકાતી નથી.પડોશી દેશને બદલી શકાતો નથી. બદલી શકાતો નથી તે બંને અર્થમાં. પડોશી દેશનો બદમાશી કરનારો સ્વભાવ પણ (સહેલાઇથી) બદલી શકાતો નથી. અર્થાત સ્વંય બદલવું પડે. પડોશી ‘આડો ચાલતો’ હોય તો તેને ‘સીધો દોર’ કરી દેવા માટે પણ સ્વનો સ્વભાવ બદલવો પડે.કમનસીબે ભારત પોતાના પડોશી દેશો સાથે કેવો વ્યવહાર કરશે તેની કોઈ રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી થઈ શકી નથી. કોઈ વૈચારિક સર્વસંમતિ પણ ઊભી થઈ શકી નથી. રાજકીય અને રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી કરતા પહેલાં વૈચારિક સર્વસંમતિ ઊભી કરવી પણ જરૂરી હોય છે. વૈચાલિક સર્વસંમિત ઊભી થાય તે પછી રાજકીય સર્વસંમતિ ઊભી થતીહોય છે. સમાજમાં કોઈ એક વિચાર પ્રબળ બને તેનું અનુસરણ રાજકીય પક્ષોએ કરવું પડતું હોય છે. દેશની નીતિ ઘડવાનું કામ વ્યવહારમાં રાજકીય પક્ષોએ કરવાનું હોય છે એટલે ત્રીજા તબક્કે તેમણે રાષ્ટ્રીય સર્વસંમતિ માટે સક્રીય થવું પડે છે.પરંતુ શરૂઆત વૈચારિક સર્વસંમતિથી કરવી પડે. આમ તો ઘણી બાબતો છે અથવા તો બધી જ બાબતો એવી છે કે આપણને રાષ્ટ્રીય સર્વસંમતિ જોવા ના મળે. જરૂર પણ નથી, પણ સાર્વજનિક હિતની બાબત, અસ્તિત્ત્વને અકબંધ રાખવાની બાબત હોય તેટલા પૂરતી સર્વસંમતિ સૌના સ્વાર્થની વાત છે. દેશને સ્થિર, સુરક્ષિત અને સમૃદ્ધ બનાવવો એ સૌનો સ્વાર્થ છે. તેના માટે કેટલીક રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી કરવી પડે. જેમ કે સામ્યવાદ કે મૂડીવાદ કે પછી બંનેના મિશ્રણ જેવો નિયંત્રિક મૂડીવાદ કે અર્થવાદ. કોઈ એક બાબત પર સર્વસંમતિ જરૂરી છે. દુનિયા સાથે કેવી રીતે સંબંધો રાખીશું તે પણ એટલું જ અગત્યનું છે. પણ સૌથી અગત્યની વાત છે દુશ્મનાવટ ધરાવતા પડોશી દેશો સાથે કેવી રીતે પનારો પાડીશું તેની વાત.અખંડ અને સુરક્ષિત દેશ માટે આંતરિક અને બાહ્ય બંને નીતિમાં સર્વસંમતિ જોઈએ, પણ તે બની નથી. અલગ મીઝોરમ, અલગ નાગાલેન્ડ કે ખાલિસ્તાન માટેની હિંસક માગણીને આપણે ઠારી શક્યા છીએ. તેથી અલગ કાશ્મીરની માગણીને પણ ઠારી શકીશું તેવું માનવામાં આવે છે. આ કદાચ એક આડકતરી રાષ્ટ્રીય સર્વસંમતિ છે, પણ સમજના અભાવ



સાથેની રાષ્ટ્રીય સર્વસંમતિ છે. કદાચ સર્વસંમતિ છે પણ નહીં. વૈચારિક તબક્કે, રાજકીય તબક્કે પણ કાશ્મીરના મામલામાં સર્વસંમતિ હોય તેવું લાગતું નથી.મહદ અંશે સૌ સહમત છે, ફક્ત કેટલાક ‘થોડા લોકો’ ‘મિથ્યા, આદર્શવાદી, ગેરમાર્ગે દોરાયેલા, માનવાધિકારવાળા કે રાષ્ટ્રદોહી’ લોકો જ જુદો વિચાર ધરાવે છે, માટે સર્વસંમતિ છે તેમ માની શકાય તેમ નથી. લોકશાહીમાં ‘થોડા લોકો’ પણ અગત્યના છે અને તેઓ પણ સર્વસંમતિમાં સામેલ થાય તે જરૂરી છે. સાચી સર્વસંમતિ ત્યારે જ ઊભી શકે છે. કાશ્મીરના મુદ્દે એવી રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી થઈ શકી નથી.ઈશાન ભારતની ભાગલાવાદી પ્રવૃત્તિઓ કે ખાલિસ્તાની ચળવળને ધીમે ધીમે શાંત પાડી શકાય, કેમ કે લોકતાંત્રિક માર્ગે સમાધાનની ભૂમિકા ઊભી કરીને ઉકેલ લાવવાની આડકતરી રાષ્ટ્રીય સર્વસંમતિ કદાચ બની હતી. અલગ થવાના બદલે ભારત જેવા મોટા અને શક્તિશાળી તથા સર્વસમાવેશ દેશ સાથે રહેવામાં તમારો ફાયદો છે તે વાત આવા વિસ્તારની પ્રજાને સમજાવી શકાય હતી. આવી વાત કાશ્મીરની પ્રજાને સમજાવવી શક્ય છે ખરી?

બીજું કાશ્મીરની પ્રજાનો મુદ્દો માત્ર વધારે સ્વાયત્તતા અને સન્માનનો છે કે તેનાથી વિશેષ કશુંક છે? કાશ્મીરની સમસ્યા સાથે અથવા સમસ્યાના મૂળમાં જેહાદી ઈસ્લામી આતંકવાદ જોડાયેલો કે કેમ તેનો વિચાર કરવો પડે કે નહિ? જગતમાં જેહાદી ત્રાસવાદ ચાલે છે તે વાસ્તવિકતા છે અને તેનો સૌથી વધુ ભોગ ભારત બનતું રહ્યું છે તે પણ હકીકત છે. દરેક દેશ પોતપોતાની રીતે તેનો સામનો કરે છે અને કેટલાક દેશોના સંદર્ભમાં એવું પણ લાગે છે કે તેમને ત્યાં સર્વસંમતિ ઊભી થઈ શકી છે. ભારતમાં સર્વસંમતિ ઊભી થઈ શકી છે ખરી?

કદાચ નહિ. કાશ્મીરનું શું કરવું અને ખાસ કરીને પાકિસ્તાનનું શું કરવું તેના વિશે દેશમાં દુવિધા હોય તેવું લાગ્યા કરે છે. બાંગલાદેશના સર્જનમાં ભારતે ભૂમિકા ભજવી હતી અને વર્તમાન સમયે ભારતતરફી સરકાર છે. તેથી બાંગલાદેશ સરહદે શાંતિ છે, પણ ભવિષ્યમાં ત્યાંથી પણ કનડગત શરૂ નહિ થાય તેની કોઈ ખાતરી નથી. શ્રીલંકા અને નેપાળ સાથેના સંબંધોમાં ચડાવઉતાર આવતા રહે છે, પણ તે એટલી ચિંતાનું કારણ નથી. સંબંધોમાં હોય તેટલી સામાન્ય ખેંચતાણ તેમાં છે. એવી સામાન્ય ખેંચતાણ પાકિસ્તાન સાથેના સંબંધોમાં નથી. કાશ્મીરનો મુદ્દો પાકિસ્તાન સાથે જોડાયેલો છે અને પાકિસ્તાનનો મુદ્દો જેહાદી ઈસ્લામી આતંકવાદ સાથે જોડાયેલો છે – આટલી રાષ્ટ્રીય વૈચારિક સર્વસંમતિ ઊભી કરવાની જરૂર છે.

કદાચ હવે સમય એ આવ્યો છે કે વૈચારિક સર્વસંમતિની રાહ જોવા વિના (કેમ કે મોડું થઈ ગયું છે અને બીજા એક કે બે દાયકા તેમાં કાઢવા જેવા નથી) રાજકીય સર્વસંમતિ ઊભી થાય. વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળની સરકારે પણ યોગ્ય રીતે કહ્યું કે સેનાને તેમની રીતે પગલાં લેવાની મોકળાશ આપી દેવામાં આવી છે.

આ વખતે મુખ્ય વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી તથા ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે પણ પત્રકાર પરિષદભરીને સંદેશ આપ્યો કે વિપક્ષ આ મુદ્દે સેના અને સરકાર સાથે છે. સર્વસંમતિનો આ એક પ્રકાર છે, પણ તેનાથી આગળ વધવું પડશે. સર્વપક્ષીય બેઠક પણ મળી અને તેમાં પણ દેશના હિતનો જ વિચાર થયો. સૌના મનમાં રાષ્ટ્રીય હિત છે તેનો ઈનકાર નથી. પણ હિત શેમાં છે, હિત કેવી રીતે હાંસલ કરવું તેની રીત પર સર્વસંમતિ સાધવાની છે. સર્વપક્ષીય બેઠક બોલાવીને વિચાર થાય તે લોકતાંત્રિક રીત છે. પણ એક ડગલું આગળ વધવું પડશે.પ્રવર્તમાન સ્થિતિમાં સર્વપક્ષીય બેઠક મળી તેમાં વર્તમાનમાં શું કરવું રહ્યું તેનો વિચાર થશે. આગળ જતા કોઈ ઘટના ના બની હોય, લાગણીને ના સ્પર્શે, માત્ર બુદ્ધિને સ્પર્શે તેવો માહોલ હોય ત્યારે પણ સર્વપક્ષીય બેઠકો મળવી જોઈએ અને ભવિષ્યમાં આવી કોઈ ઘટના બને ત્યારે શું કરવું તેની આગોતરી સર્વસંમતિ ઊભી રાખવામાં ડહાપણ છે. વધારે ડહાપણ એમાં છે કે આવી કોઈ ઘટના બને જ નહિ, ઘટના બને તે માટેના સંજોગો જ નિર્માણ ના પામે, સંજોગો નિર્માણ કરતી મૂળભૂત સ્થિતિને જ ખતમ કરી નાખવાની આગોતરી વૈચારિક, રાજકીય અને રાષ્ટ્રીય (બહુ આદર્શની વાત કરીએ તો માનવીય) સર્વસંમતિ બને.

# આતંકનો પર્યાય મસુદ અઝહર

એજન્સી દ્વારા-ગુરુવારની સાંજે કશ્મીરના પુલવામામાં આતંકી હુમલો થયો. ગણતરીના કલાકોમાં જ જૈશ એ મોહમ્મદ નામના આતંકી સંગઠને આ લોહિયાળ હુમલાની જવાબદારી સ્વિકારી લીધી. આ હુમલામાં ૪૦થી વધુ જવાનો શહીદ થયા છે. જ્યારે અનેક ઈજાગ્રસ્ત થયા છે.પુલવામામાં થયેલા આતંકી હુમલા બાદ આ વ્યક્તિ આતંકનો પોસ્ટર બોય બની ગયો છે. કારણ કે હુમલાના ગણતરીના કલાકોમાં જ આ આતંકીની તસ્વીરો સામે આવી. પણ આ ચહેરા પાછળ પણ એક એવો ચહેરો છે. જેને આતંકનો પર્યાય કહી શકાય. માહિતી મળી કે આ હુમલા પાછળ આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદનો હાથ છે. જૈશ એ મોહમ્મદ એટલે એ આતંકી સંગઠન જેની સ્થાપના મસુદ અઝહરે કરી હતી. દુનિયાના ખુંખાર આતંકી સંગઠન એવા જૈશ એ મોહમ્મદની સ્થાપના કેવા સંજોગોમાં થઈ તે જાણી લો. ૭૦ના દાયકામાં અફઘાનિસ્તાનમાં રાજકીય સંકટ સર્જાયું. કારણ કે મુજાહિદ્દીન લડાકુઓએ સરકાર વિરોધી સૂર ઉઠાવ્યા. ત્યારબાદ આ જ લડાકુઓનો ઉપયોગ પાકિસ્તાને કશ્મીર માટે કર્યો. કશ્મીરમાં હિંસા ફેલાવવા માટે પાકિસ્તાને લશ્કર એ તૈયાબા અને હરકત ઉલ અંસાર નામના આતંકી સંગઠનની સ્થાપના થઈ. થોડા જ સમયમાં હરકત ઉલ અંસારનું નામ બદલીને હરકત ઉલ મુજાહિદ્દીન એટલે કે હમ કરી નાખવામાં આવ્યું. પાકિસ્તાની જાસુસી એજન્સીના ઈશારે હરકત ઉલ મુજાહિદ્દીને કશ્મીરમાં ઘણા હુમલા કર્યા.હવે ૯૦ના દાયકામાં હમના સક્રિય આતંકી તરીકે મસૂદ અઝહર ચર્ચામાં આવ્યો. પરંતુ વર્ષ ૧૯૯૪માં જ મસૂદ અઝહરની ભારતની સુરક્ષા એજન્સીઓ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી. અઝહરને છોડાવવા માટે આતંકીઓએ ભારતના વિમાનનું અપહરણ કર્યું. તેને અફઘાનિસ્તાનના કાંધાર લઈ ગયા. આ સમયે ભારત સરકાર વિમાનમાં સવાર યાત્રીઓની સુરક્ષાને લઈને ચિંતાગ્રસ્ત બની.

ઓક્ટોબર ૨૦૦૧ - જમ્મુ કશ્મીર વિધાનસભા પર આતંકી હુમલો

૧૩ ડિસેમ્બર ૨૦૦૧ - દિલ્હીમાં સંસદભવન પર હુમલો થયો

૧૮ સપ્ટેબર ૨૦૧૬ - ઉરીમાં સેનાના જવાનો પર હુમલો

આખરે આતંકીઓની શરત માનીને ૩૧ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ અઝહર મસૂદને છોડી દેવો પડ્યો. ભારતની કેદમાંથી છુટ્યા બાદ અઝહર મસૂદે ૩૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ આતંકના નવા અધ્યાય એટલે કે જૈશ એ મોહમ્મદની સ્થાપના કરી દિધી.જૈશ એ મોહમ્મત ભારત પર હુમલાને લઈને કુખ્યાત થઈ રહ્યો છે. અઝહર મસૂદના ઈશારે જ જૈશ એ મોહમ્મદે ઓક્ટોબર ૨૦૦૧માં જમ્મુ કશ્મીર વિધાનસભા પર આતંકી હુમલો થયો. ત્યાર બાદ ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ દિલ્હીમાં સંસદભવન પર હુમલો થયો.ત્યાર બાદ ૧૮ સપ્ટેબર ૨૦૧૬ના રોજ ઉરીમાં થયેલા આતંકી હુમલામાં પણ જૈશના જ આતંકીઓનો હાથ હતો. આટલુ જ નહી મુંબઈ હુમલાનો માસ્ટર માઈન્ડ ભલે હાફિઝ સઈદ હોય પણ તેના તાર અઝહર મસૂદ સાથે પણ જોડાયેલા છે. એટલે જૈશ એ મોહમ્મદ ભારત માટે મોટા ખતરારૂપ બની ચુક્યો છે. ભારતે યુનાટેડ નેશન સિક્યોરિટી કાઉન્સીલમાં અરજી કરીને અઝહર મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકી જાહેર કરવા અપીલ કરી. પણ ચીને દરવખતે આ વાતનો વિરોધ કર્યો. માટે જ આટલો ખુંખાર આતંકી પાકિસ્તાનમાં બિન્દાસ્ત રીતે આઝાદીનો ઉત્સવ મનાવી રહ્યો છે.જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લાના અવંતીપુરાના લેકપુરા વિસ્તારમાંથી પસાર થઈ રહેલા સીઆરપીએફના કાફલા પર કરાયેલા ઉગ્રવાદી હુમલાની જવાબદારી પ્રતિબંધિત સંગઠન ’જૈશ-એ-મોહમ્મદ’ દ્વારા લેવાઈ છે.જૈશ-એ-મોહમ્મદના પ્રવક્તા મોહમ્મદ હસને એક નિવેદન જાહેર કરીને કહ્યું, ’આદિલ અહમદ ઉર્ફે વકાસ કમાન્ડોએ આ હુમલો કર્યો છે.’ વકાસ કમાન્ડો પુલવામા જિલ્લાનો નાગરિક ગણાવાઈ રહ્યો છે.જોકે, આ પ્રથમ વખત નથી બન્યું કે જૈશે ભારતમાં આ પ્રકારનો હુમલો કર્યો હોય.જૈશના પ્રમુખ મૌલાના મઝહર મસુદની ધરપકડ બાદ ૧૯૯૦ની ૨૪મી ડિસેમ્બરે ૧૮૦ પ્રવાસીઓ ધરાવતા ભારતીય વિમાનના અપહરણથી આની શરૂઆત થઈ હતી.મૌલાના મસુદ અઝહરને ભારતીય અધિકારીઓએ વર્ષ ૧૯૯૪માં કાશ્મીરમાં સક્રીય ઉગ્રવાદી સંગઠન ’હરકત-ઉલ-મુજાહિદીન’ના સભ્ય હોવાના આરોપમાં શ્રીનગરમાંથી ધરપકડ કરાઈ હતી.અપહરણકર્તાઓ વિમાનને કંદહાર લઈ ગયા અને ભારતીય જેલોમાં બંધ મૌલાના મસુદ અઝહર, મુશ્તાક ઝરગર અને શેખ અહમદ ઉમર સઈદ જેવા ઉગ્રવાદી નેતાઓની મુક્તિની માગ કરી હતી.છ દિવસ બાદ ૩૧ ડિસેમ્બરે અપહરણકર્તાઓની શરતોને સ્વીકારતા ભારત સરકારે ઉગ્રવાદી નેતાઓને મુક્ત કર્યા અને બદલામાં કંદહાર ઍરપૉર્ટ પર અપહરણ કરીને રખાયેલા વિમાનને બંધક સહિત મુક્ત કરાવ્યું.એ ઘટના બાદમાં મૌલાના મસુદ અઝહરે ફેબ્રુઆરી ૨૦૦૦માં જૈશ-એ-મોહમ્મદનો પાયો નાખ્યો અને ભારતમાં કેટલાય ઉગ્રવાદી હુમલાનો અંજામ આપ્યો.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

## ગુપ્ટિલે ૮૮ બોલમાં ૧૧૮ રન ફટકારી દીધા

# માર્ટિન ગુપ્ટિલની વધુ એક સદી : બાંગ્લાદેશ પર જીત

### બાંગ્લાદેશ સામે શ્રેણીમાં ૨-૦ની લીડ થઇ : વન ડે કેરિયર માટેની ૧૬મી સદી ફટકારી :દોઢ મહિનામાં ત્રીજી સદી

એજન્સી દ્વારા

ક્રાઇસ્ટચર્ચ,તા. ૧૬

ન્યુઝીલેન્ડે ક્રાઇસ્ટચર્ચ ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં આજે પ્રવાસી બાંગ્લાદેશ પર આઠ વિકેટે સરળ જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા બાંગ્લાદેશની ટીમ ૪૯.૪ ઓવરમાં ૨૨૬ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ન્યુઝીલેન્ડે માત્ર ૩૬.૧ ઓવરમાં બે વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. માર્ટિન ગુપ્ટિલ હાલમાં જોરદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. ગુપ્ટિલે બાંગ્લાદેશ સામેની બીજી મેચમાં પણ આજે સદી કરી હતી. ગુપ્ટિલે તોફાની બેટિંગ કરતા ૮૮ બોલમાં ૧૪ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૧૧૮ રન કર્યા હતા. મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવેલા માર્ટિન ગુપ્ટિલે આ વર્ષમાં ત્રીજી વનડે સદી ફટકારી હતી. ગુપ્ટિલે આ વર્ષમાં પોતાની પ્રથમ મેચ ત્રીજી જાન્યુઆરીના દિવસે શ્રીલંકા સામે રમી હતી. આ મેચમાં ગુપ્ટિલે ૧૩૯ બોલમાં ૧૧ ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી ૧૩૮ રન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશની સામે જારી ત્રણ મેચો પૈકી બંને મેચોમાં ગુપ્ટિલે સદી ફટકારી છે. પહેલી મેચમાં ગુપ્ટિલ ૧૧૬ બોલમાં આઠ ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી અણનમ ૧૧૭ રન કર્યા હતા. આ મેચ નેપિયરમાં રમાઇ હતી. જો કે રોચક બાબત એ છે કે ગુપ્ટિલ આ વર્ષે તમામ મેચો ઘરઆંગણે જ રમી છે. ગુપ્ટિલ આ વર્ષે જોરદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. તે આ વર્ષે હજુ સુધી નવ વનડે મેચો રમી શક્યો છે. ગુપ્ટિલ આ મેચોમાં ત્રણ સદી સાથે ૪૩૫ રન કર્યા છે. તેની સરેરાશ ૫૪ રનથી વધારેની રહી છે. જ્યારે સ્ટ્રાઇક રેટ તો ૧૦૬થી વધારે છે. ગુપ્ટિલે આ મેચમાં ૪૦ ચોગ્ગા અને ૧૫ છગ્ગા લગાવ્યા છે. વર્ષ ૨૦૧૯માં હજુ સુધ સૌથી વધારે રન બનાવનારમાં ન્યુઝીલેન્ડના બેટ્સમેનો કબજો રહ્યો છે. રોસ ટેલરે ૧૦ મેચોમાં ૫૩૪ રન કર્યા છે. વિલિયમસને ૧૦ મેચોમાં ૩૭૦ રન કર્યા છે.ચોથા નંબર પર રોહિત શર્મા છે. રોહિતે આઠ મેચોમાં ૩૫૪ રન કર્યા છે. માર્ટિન ગુપ્ટીલ હાલમાં સૌથી જોરદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. તેના શાનદાર દેખાવથી ન્યુઝીલેન્ડ એક પછી એક મેચો જીતી રહ્યું છે. અલબત્ત હાલમાં ભારત સામે વન ડે શ્રેણી ન્યુઝીલેન્ડે ગુમાવી દીધી હતી પરંતુ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો નવા વર્ષમાં બેટીંગમાં આગળ રહ્યા છે. પાંચમાં નંબર પર ન્યૂઝીલેન્ડના હેનરી નિકોલસ રહ્યો છે. હેનરીએ ૧૦ વન ડે મેચોમાં ૩૨૨ રન બનાવ્યા છે.

**સ્કોરબોર્ડ : ક્રાઈસ્ટચર્ચ**

**બાંગ્લાદેશ ઈનિંગ્સ :**

| | | |
|---|---|---|
| તામીમ | એલબી બો. હેનરી | ૦૫ |
| દાસ | કો.ફરગુસન બો.બોલ્ટ | ૦૧ |
| સરકાર | કો.ટેલર બો.ગ્રાન્ડહોમ | ૨૨ |
| રહીમ | બો.ફરગુસન | ૨૪ |
| મિથુન | બો.એસ્લે | ૫૭ |
| મહેમુદઉલ્લા | કો.લાથન બો.એસ્લે | ૦૭ |
| રહેમાન | કો.નસીમ બો.ફરગુસન | ૪૩ |
| મિરાજ | કો.નિકોલસ બો.નિસામ | ૧૬ |
| સૈફુદીન | બો.ફરગુસન | ૧૦ |
| મોર્તજા | કો.બોલ્ટ બો.નિસામ | ૧૩ |
| મુસ્તાફીર | અણનમ | ૦૫ |
| વધારાના | | ૨૩ |
| કુલ | (૪૯.૪. ઓવરમાં ઓલઆઉટ) | ૨૨૬ |

પતન : ૧-૫, ૨-૧૬, ૩-૪૮, ૪-૮૧, ૫-૯૩, ૬-૧૬૮, ૭-૧૯૦, ૮-૨૦૬, ૯-૨૧૧, ૧૦-૨૨૬

બોલિંગ : હેનરી : ૧૦-૨-૩૦-૧, બોલ્ટ : ૧૦-૧-૪૯-૧, ગ્રાન્ડહોમ : ૪-૦-૨૫-૧, ફરગુસન : ૧૦-૦-૪૩-૩, એસ્લે : ૧૦-૦-૫૨-૨, નિસામ : ૫.૪-૦-૨૧-૨.

**ન્યૂઝીલેન્ડ ઈનિંગ્સ :**

| | | |
|---|---|---|
| ગુપ્ટીલ | કો.દાસ બો.રહેમાન | ૧૧૮ |
| નિકોલસ | કો.દાસ બો.રહેમાન | ૧૪ |
| વિલિયમ્સન | અણનમ | ૬૫ |
| ટેલર | અણનમ | ૨૧ |
| વધારાના | | ૧૧ |
| કુલ | (૩૬.૧ ઓવરમાં ૨ વિકેટે) | ૨૨૯ |

પતન : ૧-૪૫, ૨-૧૮૮

બોલિંગ : મુર્તજા : ૬-૦-૩૭-૦, સૈફુદીન : ૬-૦-૪૪-૦, મિરાજ : ૭.૧-૦-૪૨-૦, રહેમાન : ૯-૦-૪૨-૨, સબ્બીર : ૪-૦-૨૮-૦, સરકાર : ૧-૦-૧૦-૦, મહેમુદઉલ્લા : ૩-૦-૨૫-૦.

## પોખરણમાં એરફોર્સનું વાયુ શક્તિ પ્રદર્શન

# પુલવામા અટેક વચ્ચે શક્તિ પ્રદર્શનથી તૈયારીના એંધાણ

એજન્સી દ્વારા

પોખરણ, તા.૧૬

પુલવામામાં આતંકવાદી હુમલા બાદ હાલમાં પોખરણ ખાતે ભારતીય હવાઈ દળ દ્વારા વાયુ શક્તિ ૨૦૧૯ પ્રદર્શન ચાલી રહ્યું છે. હવાઈ દળના શક્તિ પ્રદર્શનથી પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી રહી છે. પાકિસ્તાનની સરહદ નજીક જ વાયુ શક્તિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં યુદ્ધ વિમાનો મોટાપાયે ભાગ લઈ રહ્યા છે. એકબાજુ દેશમાં પાકિસ્તાન સામે પુલવામા હુમલા બાદ કાર્યવાહી કરવા જોરદાર માંગ ઉઠી રહી છે ત્યારે એરફોર્સની શક્તિના પ્રદર્શન માટે આયોજિત આ કવાયત અનેક સંકેત આપી રહી છે. ૮૧ ફાઈટર જેટ સહિત આશરે ૧૩૭ વિમાનો આ કવાયતમાં પોતાના પરાક્રમો દર્શાવી રહ્યા છે. એરફોર્સના સૌથી મોટા શક્તિ પ્રદર્શન તરીકે આને જોવામાં આવે છે. વાયુ શક્તિ ત્રણ વર્ષમાં એક વખત યોજવામાં આવે છે. મિગ, જગુઆર, એસયુ-૩૦, તેજસ અને મિરાજ-૨૦૦૦ સહિતના વિમાનો આમાં ભાગ લઈ રહ્યા છે. વાયુ શક્તિના ભાગરૂપે દિલધડક પરાક્રમો દર્શાવવામાં આવી રહ્યા છે. આઈએએફના વાઈસ ચીફ માર્શલ અનિલ ખોસલાએ કહ્યું છે કે જુદા જુદા પ્રકારના હથિયારોની ચકાસણી થઈ રહી છે. બોમ્બ, સ્માર્ટ હથિયારો, જમીનથી હવામાં પ્રહાર કરી શકે તેવા હથિયારો અને હવાથી હવામાં પ્રહાર કરી શકે તેવા હથિયારોની ચકાસણી થઈ રહી છે. પ્રથમ વખત વાયુ શક્તિ ૨૦૦૦ દ્વારા મિગ-૨૯ અપગ્રેડ કરવામાં આવેલા વિમાનોને સામેલ કરાયા છે. પ્રથમ વખત આનું આયોજન નવી દિલ્હીમાં ૧૯૫૩માં કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ત્રણ વષમાં એક વખત આનું આયોજન થાય છે. પુલવામામાં આતંકવાદી હુમલા બાદ આ કવાયતને ખૂબ ખતરનાક સંકેત તરીકે જોવામાં આવે છે. દેશભરમાં પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં છુપાયેલા આતંકવાદીઓ સામે કાર્યવાહી માટેની માંગ ઉઠી રહી છે ત્યારે કેટલાક લોકોનું કહેવું છે કે તમામ પ્રકારના યુદ્ધ વિમાનોની ચકાસણી કરવામાં આવ્યા બાદ આનો ઉપયોગ પણ થઈ શકે છે. હવાઈ હુમલાના વિકલ્પને સૌથી અસરકારક વિકલ્પ તરકે પણ ગણવામાં આવે છે. જેના ભાગરૂપે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી અડ્ડાઓ, તેમના સ્થળો, લોન્ચપેડને ફુંકવામાં આવી શકે છે અને મોટી સફળતા હાથ લાગી શકે છે.

## આતંકવાદીઓનો ખાત્મો કરવા એકજ માંગ

# પુલવામા અટેક બાદ લોકોમાં આક્રોશ : દેખાવનો દોર જારી

### દિલ્હી, મુંબઈ સહિત દેશના મોટા વિસ્તારોમાં લોકો જાહેર રસ્તા પર : પાકિસ્તાનની સામે કાર્યવાહીની માંગણી તીવ્ર

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા. ૧૬

પુલવામાં સીઆરપીએફ કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ લોકોમાં આક્રોશ શાંત થઇ રહ્યો નથી. આક્રોશ વધી રહ્યો છે. દેશભરમાં લોકો જાહેર માર્ગ પર ઉતરી ગયા છે. તેમન એક જ માંગ છે કે ત્રાસવાદીઓએ સામે કાર્યવાહી કરવામાં આવે અને તેમનો સફાયો કરવામાં આવે. ખુનનો બદલો ખુનથી લેવાની માંગ થઇ રહી છે. મોદી સરકાર પર દબાણ વધારવામાં આવી રહ્યુ છે.દેશમાં વિરોધ પ્રદર્શન કરવા માટે તમામ સંગઠનના લોકો, રાજકીય પક્ષોના લોકો પણ જોડાયા છે. વીએચપી-બજરંગ દળ, કોંગ્રેસ, ઓબીસી,એસસી-એસટી લઘુમતી એકતા મંચ, એનએસયુઆઇ સહિતના સંગઠનોએ કુખ્યાત આંતકવાદી, પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજ સળગાવવાના કાર્યક્રમ યોજ્યા હતા. પાકિસ્તાન સામે નારાજગી વ્યક્ત કરીને જોરદાર સૂત્રોચ્ચા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાન અને આંતકવાદીઓ સામે ફિટકાર સહિતના અનેક જલદ અને વિરોધદર્શક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજ અને પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાનખાનના પૂતળાદહનના કાર્યક્રમ દરમ્યાન ઓબીસી,એસસી-એસટી લઘુમતી એકતા મંચના ઉપાધ્યક્ષ મુકેશભાઇ ભરવાડે આંતકવાદીઓના કૃત્યને કાયરતાપૂર્ણ અને પાકિસ્તાનની માનસિક વિકૃતિ ગણાવી હતી. ઓપરેશન ઓલઆઉટથી ડરેલા આંતકીવાદીઓએ આ કૃત્ય કર્યું છે, જેને વખોડવા કે દુઃખ વ્યકત કરવા શબ્દો પણ નથી. દેશની જનતામાં ઉગ્ર આક્રોશ ભભૂકયો છે ત્યારે સરકારે હવે પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપવો જોઇએ એ હવે દેશના લોકોની લાગણી છે. પાકિસ્તાનને તેના ઘરમાં ઘૂસીને પાઠ ભણાવવાની ઘડી હવે આવી ગઇ છે. બોલિવુડ અને જુદી જુદી રમતના લોકો પણ વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. આના માટે વિવિધ કાર્યક્રમ યોજી રહ્યા છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન જારી છે. વાણિજ્ય પાટનગર મુંબઈમાં પણ દેખાવ કરવામાં આવી રહ્યા છે. લોકલ ટ્રેન સેવાના રૂટ ઉપર દેખાવો કરવામાં આવ્યા હતા. દિલ્હી અને એનસીઆરના વિસ્તારો, રાજસ્થાનમાં જયપુર, અજમેર અન્ય મોટા શહેરો, મધ્યપ્રદેશના તમામ મોટા શહેરો, ઉત્તરપ્રદેશમાં પણ વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. શહીદ જવાનોના સન્માનમાં કાર્યક્રમ યોજાયા હતા. તેમને અંજલી આપવામાં આવી હતી. સાથે સાથે પાકિસ્તાન અને આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવા લોકોની માંગ અકબંધ રહી હતી. કેન્ડલ માર્ચનું આયોજન પણ અનેક જગ્યાઓ એ કરાયું હતું.

## સુરક્ષા દળોની કાર્યવાહીથી ત્રાસવાદી ભયભીત

# કાશ્મીરમાં કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી રહી છે

### જેટલા ત્રાસવાદીની ભરતી થઈ છે તેનાથી વધુ ત્રાસવાદી માર્યા ગયા છે : ઓપરેશન ઓલઆઉટથી સફાયો કરાયો

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા. ૧૬

જમ્મુકાશ્મીરના પુલવામાં સીઆરપીએફના કાફલા પર કરવામાં આવેલા હુમલા બાદ દેશમાં નારાજગી છે ત્યારે કાશ્મીરમાં હાલમાં ત્રાસવાદીઓ અંતિમ લડાઇ લડી રહ્યા છે. ત્રાસવાદીઓનો હાલના સમયમાં જે રીતે સફાયો થયો છે તેનાથી આ બાબત સાબિત થાય છે. મજબુત ગ્રાઉન્ડ ઈન્ટેલિજન્સની સહાયથી ત્રાસવાદીઓની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના કારણે હવે ત્રાસવાદી સંગઠનની કમર તુટી ગઇ છે. સ્થિતી એ છે કે આ વર્ષે જેટલા ત્રાસવાદીઓની ભરતી કરવામાં આવી છે તેના કરતા વધારે ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જમ્મુ કાશ્મીરમાં સેના દ્વારા છેલ્લા કેટલાક સમયથી ચલાવવામાં આવી રહેલા ઓપરેશન ઓલઆઉટના કારણે ત્રાસવાદીઓની હાલત કફોડી બનેલી છે. તેમના લીડરોનો શોધી શોધીને ખાતમો કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં હવે અલગતાવાદીઓ હવે વિદેશી ઘુસણખોરો પર વધારે આધાર રાખી રહ્યા છે. ઈન્ટેલિજન્સ રેકોર્ડ મુજબ જમ્મુ કાશ્મીરમાં જ્યારે ત્રાસવાદી સંગઠનોમાં ૧૦૦ જેટલા ત્રાસવાદીઓની ભરતી થઇ છે. જ્યારે ૨૫૦થી વધારે ત્રાસવાદીઓને લશ્કરી ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે.

પાકિસ્તાન અને પોકમાંથી સેંકડો ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરી કરવામાં આવી હતી. જ્યારે ગયા વર્ષે આ આંકડો ૨૦૦ ઉપર રહ્યો હતો. આ પ્રવાહને જોતા ખીણમાં સક્રિય ત્રાસવાદીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. માર્યા ગયેલા આ ત્રાસવાદીઓમાં લશ્કરે તોયબાના ૧૪, હિજબુલના અને અલ બદરના ટોપ કમાન્ડર પણ સામેલ છે. રાજ્ય પોલીસ, સેના અને સીઆરપીએફનમા સંયુક્ત ઓપરેશનથી મોટી સફળતા હાંસલ થઇ રહી છે.

## મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ બંધ રખાઈ

# જમ્મુમાં સતત બીજા દિવસે કરફ્યું : સેનાની ફ્લેગમાર્ચ

### કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુસર સંચારબંધી અકબંધ રખાઈ : તમામ પરીક્ષાઓને મોકુફ રાખવા નિર્ણય

એજન્સી દ્વારા

જમ્મુ,તા. ૧૬

પુલવામામાં ત્રાસવાદી હુમલા બાદ જોરદાર વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને આજે બીજા દિવસે પણ સંચારબંધી અકબંધ રાખવાાં આવી હતી. મોબાઈલ ઈન્ટરનેટ સેવાને પણ બંધ રાખવામાં આવી છે. ભારતીય સેનાએ સંવેદનશીલ વિસ્તારોમાં ફલેગમાર્ચ યોજીને સ્થિતિને હળવી કરવાના પ્રયાસ કર્યા હતા. વહીવટી અધિકારીઓએ કહ્યું છે કે જમ્મુ યુનિવર્સિટીએ આજે યોજાનારી પરીક્ષોને મોકુફ કરી દીધી હતી. હવે આ પરીક્ષાઓ આગામી દિવસોમાં યોજાશે. જમ્મુ-સાંબા કથુઆ રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ વિનોદ ગુપ્તાએ કહ્યું હતું કે જમ્મુ ક્ષેત્રમાં સંચારબંધી લાગુ કરવાાં આવી છે. હજુ સુધી કોઈપણ અનિચ્છનિય ઘટના બની નથી. સંરક્ષણ પ્રવક્તાએ કહ્યું છે કે આજે બીજી નવ સુરક્ષા ટુકડીઓને ગોઠવી દેવામાં આવી છે. આ પહેલા શુક્રવારના દિવસે પણ સુરક્ષા ટુકડીઓ ગોઠવાઈ હતી. ગુરૂવારના દિવસે પુલવામા હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા બાદ લોકોમાં ભારે આક્રોશ દેખાઈ રહ્યો છે. આતંકી ઘટનાના વિરોધમાં શુક્રવારના દિવસે પણ જોરદાર વિરોધ પ્રદર્શનનો દોર રહ્યો હતો. અનેક જગ્યાઓએ વાહનો ફુંકી દેવામાં આવ્યા હતા. સ્થિતિને ધ્યાનમાં લઈને આજે પણ સંચારબંધી અકબંધ રાખવામાં આવી હતી. બીજી બાજુ રાષ્ટ્રીય સુરક્ષા સંસ્થાની ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ છે. આ ગાળા દરમિયાન એનઆઈએની ટીમ સાથે ફોરેન્સીક ટીમ અને સીઆરપીએફના ડીજી આરઆર ભટનાગર પણ પહોંચ્યા છે. સીઆરપીએફના કાફલાની બસને ટાર્ગેટ બનાવીને કરાયેલા હુમલાાં ૧૫૦થી ૨૦૦ કિલગ્રામ વિસ્ફોટકોન ઉપયગ કરવામાં આવ્યો હતો. જેમાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. પુલવામાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ વિરોધ પ્રદર્શન જારી છે. કોઇ પણ રીતે સ્થિતી ન વણસે તે માટે જમ્મુમાં સંચારબંધી લાગુ કરવામાં આવેલી છે. નવાબાબાદ, બસ સ્ટેન્ડ, બક્સી નગર સહિતના અને વિસ્તારોમાં સંચારબંધી જારી રહી છે. અને આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન અને ઓપરેશન ઓલઆઉટ યુદ્ધના ધોરણે જારી છે ત્યારે આ આતંકવાદી હુમલાને મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. જૈશના અફઝલ ગુરુ સ્કવોડે અગાઉ પણ અનેક હુમલાઓનો અંજામ આપ્યા છે. શ્રીનગરના લાલચોક ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત પોલીસ જવાનો શહીદ થયા હતા. આ પહેલા ૩૦ અને ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે પુલવામામાં બીએસએફના જવાનો ઉપર પણ આ ત્રાસવાદી ટોળકીએ હુમલો કર્યો હતો.

## નાઈટલીએ અનેક હોલિવુડ ફિલ્મની ઓફરને ફગાવી છે

એજન્સી દ્વારા

લોસએન્જલસ,તા. ૧૬

લોકપ્રિય અભિનેત્રી અને સૌથી મોટી સેલિબ્રિટીમાં સ્થાન ધરાવતી કેરા નાઇટલીએ અનેક હોલિવુડ ફિલ્મોની ઓફરને ફગાવી દીધી છે. કારણ વધારે સમજી શકાય તેવા દેખાઇ રહ્યા છે. કેરા નાઇટલીએ કહ્યુ છે કે તેના કરતા અભિનેતાને વધારે નાણાં ચુકવવામાં આવી રહ્યા છે. વધુ નાણાં અભિનેતાને મળતા તે ઈન્કાર કરી રહી છે. તેનુ કહેવુ છે કે અભિનેતા અને અભિનેત્રીને એક સમાન પૈસા કોઇ પણ ફિલ્મમાં કામ કરવા માટે મળવા જોઇએ. કાસ્ટમાં જો તેને અભિનેતા કરતા ઓછા પૈસા મળે છે તો તે કોઇ ફિલ્મ કરતી નથી. ભેદભાવને લઇને તે શરૂઆતથી જ વિરોધ કરતી રહી છે. ગ્રાઝિયા મેગેઝિનને આપેલી મુલાકાતમાં કેરા નાઇલીએ કહ્યુ છે કે તેની પાસે કેટલીક ઓફર હાલના દિવસોમાં આવી છે. પરંતુ નાણાંને લઇને ભેદભાવ રહેતા ફિલ્મો છોડી દીધી છે. તેની પ્રતિક્રિયાને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. હાલના દિવસોમાં તેની ગણતરી ટોપ સ્ટાર તરીકે કરવામાં આવે છે.

(This is only an advertisement for Information purposes and not a Prospectus announcement.)

KRANTI GROUP
KRANTI INDUSTRIES LIMITED

**KRANTI INDUSTRIES LIMITED**

Our Company was incorporated on December 5, 1995, as "Kranti Precision Tools Private Limited" under the provisions of the Companies Act, 1956 with the Registrar of Companies, Bombay, Maharashtra bearing Registration Number 095016. We subsequently changed the name of our Company from "Kranti Precision Tools Private Limited" to "Kranti Industries Private Limited" pursuant to shareholders resolutions passed at the Extra Ordinary General Meeting held on February 8, 2002. A fresh Certificate of Incorporation consequent upon name change was granted to our Company on March 11, 2002 by the Registrar of Companies, Pune, Maharashtra. Subsequently, our Company was converted into public limited company pursuant to shareholders resolution passed at the extra ordinary general meeting held on July 31, 2015 and the name of our Company was changed to "Kranti Industries Limited" vide a fresh Certificate of Incorporation dated August 17, 2015 issued by the Registrar of Companies, Pune. The Corporate Identification number of our Company is U29299PN1995PLC095016. For details of incorporation, change of name and registered office of our Company, please refer to the section titled "History and Certain Corporate Matters" on page no. 118 of the Prospectus.

**Registered Office:** Gat No.267/B/1, Post Pirangut, Tal. Mulshi, Pune- 412 115, Maharashtra, India. **Tel:** +91-20-6675 5676
**Contact Person:** Mr. Bhavesh Subhash Selarka, Company Secretary and Compliance Officer
**Email:** investor@krantiindustries.com **Website:** www.krantiindustries.com

**PROMOTERS OF OUR COMPANY: MR. SACHIN SUBHASH VORA, MR. SUMIT SUBHASH VORA AND MRS. INDUBALA SUBHASH VORA**

**THE OFFER**

**INITIAL PUBLIC OFFERING OF 23,19,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10.00 EACH, AT AN OFFER PRICE OF ₹ 37.00 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹858.03 LAKHS ("PUBLIC OFFER") COMPRISING OF A FRESH ISSUE OF 17,52,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹ 648.24 LAKHS ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF 5,67,000 EQUITY SHARES BY MRS. BASANTI VORA (THE "PROMOTER GROUP SELLING SHAREHOLDER") AGGREGATING TO ₹ 209.79 LAKHS ("OFFER FOR SALE") OUT OF WHICH 1,17,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00 EACH, AT AN OFFER PRICE OF ₹37.00 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING TO ₹43.29 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE OFFER (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE OFFER LESS MARKET MAKER RESERVATION PORTION I.E. OFFER OF 22,02,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00 EACH, AT AN OFFER PRICE OF ₹ 37.00 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING TO ₹ 814.74 LAKHS IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE PUBLIC OFFER AND NET OFFER WILL CONSTITUTE 26.35 % AND 25.02 % RESPECTIVELY OF THE POST- OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**IN TERMS OF RULE 19(2)(B)(I) OF THE SECURITIES CONTRACTS (REGULATION) RULES, 1957, AS AMENDED (THE "SCRR") THE OFFER IS BEING MADE FOR AT LEAST 25% OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. THIS OFFER IS BEING MADE IN TERMS OF CHAPTER IX OF THE SEBI (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED FROM TIME TO TIME ("SEBI (ICDR) REGULATIONS"). FOR FURTHER DETAILS, PLEASE REFER SECTION TITLED "OFFERING INFORMATION "BEGINNING ON PAGE NO. 204 OF THE PROSPECTUS.**

**LISTING**: The Equity Shares offered through the Prospectus are proposed to be listed on the SME Platform of BSE Limited ("BSE SME"). In terms of Chapter IX of SEBI (ICDR) Regulations, 2018 as amended, we have received an in-principle approval letter dated February 04, 2019 from BSE Limited for using its name in the Offer Document for listing our shares on the SME Platform of BSE. For purposes of this Offer, the Designated Stock Exchange will be the BSE Limited ("BSE").

**DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"):** Since the Offer is being made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, the Draft Offer Document was not filed with SEBI, nor has SEBI issued any observation on the Offer Document in terms of Regulation 246 of SEBI (ICDR) Regulations. However, pursuant to sub regulation (5) of regulation 246, the copy of Draft Prospectus has been furnished to the board in a soft copy. Hence there is no such specific disclaimer clause of SEBI. However investors may refer to the entire "Disclaimer Clause of SEBI" beginning on page 200 of the Prospectus.

**DISCLAIMER CLAUSE OF BSE (DESIGNATED STOCK EXCHANGE):** It is to be distinctly understood that the permission given by BSE Limited ("BSE") should not in any way be deemed or construed that the Prospectus has not been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Prospectus. The investors are advised to refer to page 201 of the Prospectus for the full text of the "Disclaimer Clause of The SME Platform of BSE"

**GENERAL RISKS:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Offer unless they can afford to take the risk of losing their investment. Investors are advised to read the "Risk Factors" carefully before taking an investment decision in this Offer. For taking an investment decision, investors must rely on their own examination of the Issuer and the Issue including the risks involved. The Equity Shares have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does the SEBI guarantee the accuracy or adequacy of the contents of the Prospectus. Specific attention of the investors is invited to "Risk Factors" beginning on page 23 of the Prospectus.

| LEAD MANAGER TO THE OFFER | REGISTRAR TO THE OFFER | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| Fastrack Finsec<br>Category-I Merchant Banker<br>**FAST TRACK FINSEC PRIVATE LIMITED**<br>B-502, Statesman House, 148, Barakhamba Road, New Delhi- 110001<br>**Telephone:** +91-11-43029809<br>**Website:** www.ftfinsec.com<br>**Email:** mb@ftfinsec.com<br>**Investor mail:** investor@ftfinsec.com<br>**Contact person:** Mr. Pawan Kumar Mahur<br>**SEBI registration number:** INM000012500 | LINK Intime<br>**LINK INTIME INDIA PRIVATE LIMITED**<br>C-101, 1st Floor, 247 Park, Lal Bahadur Shastri Marg, Vikhroli (West), Mumbai 400 083<br>**Telephone:** +91 22 49186200<br>**Facsimile:** +91 22 49186195<br>**Email:** kranti.ipo@linkintime.co.in<br>**Investor grievance email:** kranti.ipo@linkintime.co.in<br>**Contact Person:** Mr. Shanti Gopalkrishnan<br>**Website:** www.linkintime.co.in<br>**SEBI Registration Number:** INR000004058 | **Mr. Bhavesh Subhash Selarka**<br>Kranti Industries Limited<br>Gat No.267/B/1, Post: - Pirangut, Tal. Mulshi, Dist. Pune-412115. Maharashtra,India<br>**Telephone:** +91-20-6675 5676<br>**Email:** cs@krantiindustries.com/ investor@ krantiindustries.com<br>**Website:** www.krantiindustries.com<br>Investors can contact our Company Secretary and Compliance Officer and/ or Registrar to the Offer and/ or Lead Manager in case of any pre-Offer or post-Offer related matters such as non-receipt of letters of allotment, credit of allotted shares in the respective beneficiary account or unblocking of ASBA etc. |

**Availability of Prospectus:** Investors should note that investment in Equity Shares involves a high degree of risk and investors are advised to refer to the Prospectus and the Risk Factors contained therein, before applying in the Offer. Full copy of the Prospectus will be available at the website of SEBI at www.sebi.gov.in; the website of Stock Exchange at www.bseindia.com, the website of Lead Manager at www.ftfinsec.com and Website of Issuer Company at www.krantiindustries.com.

**Availability of Application forms:** Application forms can be obtained from the Registered Office of Company i.e. Kranti Industries Limited and Lead Manager i.e. Fast Track Finsec Private Limited. Application Forms will be available at the selected location of registered brokers, Banker to the Offer, syndicate member, sub-syndicate members, registrar and share transfer agents and Depository Participants. Application Forms can be obtained from the website of Stock Exchange at www.bseindia.com and the Designated Branches of SCSBs at www.sebi.gov.in.

**BANKER TO THE OFFER AND SPONSER BANK**: ICICI Bank Limited

| OFFER PROGRAMME | ISSUE OPEN<br>OFFER CLOSES ON: WEDNESDAY, FEBRUARY 20, 2019 |
|---|---|

**ASBA***
**Simple, safe, smart way of Application**
**Mandatory in public issue. No Cheque will be accepted**

UPI now available in ASBA for retail individual investors

*ASBA is a better way of applying to issues by simply blocking the fund in the bank account.
For further details check section on ASBA below.
*ASBA has to be availed by all the investors except anchor investors. UPI may be availed by Retail Individual Investors.
For details on the ASBA and UPI process, please refer to the details given in ASBA form and abridged prospectus and also please refer to the section "Offer Procedure" beginning on page 212 of the Prospectus. The process is also available on the website of Exchanges in the General Information Document.
ASBA application forms can be downloaded from the website of BSE Limited and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in. List of banks supporting UPI is also available on the website of SEBI at www.sebi.gov.in.

**"FIXED PRICE ISSUE AT ₹37.00 PER EQUITY SHARE"**
**THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹ 10.00 EACH**
**AND THE OFFER PRICE IS 3.7 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARES**

**MINIMUM APPLICATION SIZE OF 3,000 EQUITY SHARES AND IN MULTIPLES OF 3,000 EQUITY SHARES THEREAFTER**

**RISK IN RELATION TO THE FIRST OFFER:** This being the first public offer of the Equity Shares of our Company, there has been no formal market for the Equity Shares of our Company. The face value of our Equity Shares is ₹10.00 each and the Offer Price is 3.7 times of the face value of the Equity Shares, respectively. The Offer Price (as determined and justified by our Company and the Selling Shareholder in consultation with the Lead Manager, in accordance with the SEBI (ICDR) Regulations, 2018) as stated in "Basis for Offer Price" on page 79 of the Prospectus, should not be taken to be indicative of the market price of the Equity Shares after the Equity Shares are listed. No assurance can be given regarding an active and/or sustained trading in the Equity Shares or regarding the price at which the Equity Shares will be traded after listing.

**Contents of The Memorandum of the Company as regards to its objects:** For information on the main objects of the Company, please see "History and Corporate Structure" on page 118 of the Prospectus and Clause III of the Memorandum of Association of the Company. The Memorandum of Association of the Company is a material document for inspection in relation to the Offer. For further details, please see "Material Contracts and Documents for Inspection" on page 257 of the Prospectus.

**Amount of Share Capital of the Company and Capital Structure:** The authorized, Issued, subscribed and paid up share capital as on the date of the prospectus is as follows:- The authorised capital of the Company is ₹10,00,00,000.00 divided into 1,00,00,000 Equity Shares of ₹10.00 each. The issued, subscribed and paid-up share capital of the Company is ₹ 7,05,00,000.00 divided in to 70,50,000 Equity Shares of ₹10.00 each. Proposed post Issue paid up share capital is ₹ 8,80,20,000.00 divided in to 88,02,000.00 Equity shares of ₹10.00 each.

**Liability of Members as per MOA:** The Liability of the members of the Company is limited.

**Signatories to Memorandum of Association and Shares Subscribed:** Mr. Subhash Kundanmal Vora and Mr. Shivprasad Kelkar subscribed 10 shares each having face value of ₹100. Total Equity Shares =20

All potential Investors shall participate in the Offer only through an Application Supported by Blocked Amount ("ASBA") process providing details about the bank account which will be blocked by the Self Certified Syndicate Banks ("SCSBs") for the same. In terms of SEBI Circular no. SEBI/HO/CFD/DIL2/CIR/P/2018/138 dated November 01, 2018, it should be noted that SEBI has introduced the use of Unified Payment Interface ("UPI") as a payment mechanism with Application Supported by Block Amount ("ASBA") in public issues by retail individual investors through intermediaries (Syndicate members, Registered Stock Brokers, Registrar and Transfer agent and Depository Participants). For further details, please refer to section titled "Offering Information" beginning on page no. 204 of the Prospectus. A copy of Prospectus has been delivered for registration to the Registrar of Companies as required under Section 32 and 26 of the Companies Act, 2013.
Investor should read the Prospectus carefully, including the Risk Factors beginning on page 23 of the Prospectus before making any investment decision.

**For Kranti Industries Limited**
**On behalf of the Board of Directors**
**Sd/-**
**Mr. Sachin Subhash Vora**
Chairman and Managing Director
DIN:- 02002468

**Date: February 11, 2019**
**Place: Pune**

**KRANTI INDUSTRIES LIMITED** is proposing, subject to market conditions and other considerations, a public issue of its Equity Shares and has filed the Prospectus with the Registrar of Companies, Pune. The Prospectus is available on the website of the SEBI at www.sebi.gov.in and the website of the Lead Manager at www.ftfinsec.com and website of Company at Investor should note that investment in equity shares involves a high degree of risk. For details, investors should refer to and rely on the Prospectus, including the section titled "Risk Factors" of the Prospectus, which has been filed with ROC.
The Equity Shares have not been and will not be registered under the US Securities Act ("the Securities Act") or any state securities laws in United States and may not be issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S, persons" (as defined in Regulations under the securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act of 1933.

Sunjeet Comm.

વેપારીઆલમ સહિત સૌકોઇએ શહીદોને અંજલી

# અમદાવાદ શહેરના મુખ્ય બજાર શહીદોના સન્માનમાં બંધ રખાયા

## તમામ બજારોમાં બંધના એલાનને પગલે સન્નાટો : લોકોમાં જબરદસ્ત રોષ : પાકને નકશામાંથી મિટાવી દેવાની માંગ

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા. ૧૬



જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના જવાનો ઉપર થયેલા આતંકી હુમલાના ઘેરા પ્રત્યાધાત અમદાવાદ સહિત સમગ્ર દેશમાં પડ્યા છે. આંતકી હુમલામાં શહીદ થયેલા જવાનોના માનમાં તેમજ આંતકવાદી સામે પોતાનો આક્રોશ વ્યકત કરવા માટે અમદાવાદના બજારમાં વેપારીઆલમથી માંડી સામાન્ય લોકોએ સ્વંયભૂ બંધ પાળી શહીદ જવાનોને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પી હતી. તો, આંતકવાદીઓ અને તેઓને છાવરનારા પાકિસ્તાન સામે પોતાનો ઉગ્ર વિરોધ અને આક્રોશ પ્રદર્શિત કર્યો હતો. અમદાવાદના મુખ્ય બજારોમાં બંધના પગલે આજે સન્નાટાના દ્રશ્યો જોવા મળ્યા હતા. વેપારીઓથી માંડી સામાન્ય લોકોએ પાકિસ્તાનને જડબાતોજ જવાબ આપવા અને પાકિસ્તાનનું નામ નકશામાંથી મિટાવી દેવા ઉગ્ર માંગણી કરી હતી. આજે વીર શહીદોના માનમાં તેમજ આંતકવાદીઓ સામે પોતાનો આક્રોશ વ્યકત કરવા માટે શહેરનાં મોટા બજારોએ સ્વંયભૂ બંધ પાળ્યો હતો. વહેલી સવારથી શહેરનું મસ્કતી માર્કેટ, ન્યૂ કલોથ માર્કેટ, ઘંટાકર્ણ માર્કેટ, સુમેલ માર્કેટ, સિંધી માર્કેટ, ઘીકાંટા ગાર્મેન્ટ, આસ્ટોડિયા રંગાટી મહાજન, ઢાલગરવાડ કાપડ બજાર, કાલુપુર ફ્રૂટ માર્કેટ, ચોક્સી મહાજન, નરોડા બજાર, ભદ્ર પાથરણા માર્કેટ, રિલીફ રોડ ઈલેક્ટ્રોનિક્સ બજાર, મંગલમૂર્તિ મોબાઈલ માર્કેટ તેમજ અન્ય કેટલાક બજારોએ સ્વંયભૂ બંધ પાળી એલાનમાં જોડાયા હતા. જૂહાપુરામાં પણ મુસ્લિમ રહીશોએ પાકિસ્તાન સામે ઉગ્ર વિરોધ વ્યકત કરી તેને પાઠ ભણાવવાની જોરદાર માંગણી કરી છે. રાજયભરમાં ઠેર-ઠેર કેન્ડલ માર્ચ યોજાઈ હતી. શહીદ વીર જવાનને શ્રદ્ધાંજલિ આપવા માટે સુરતના ૧૬૫ કાપડ માર્કેટની ૭૦થી ૭૫ હજાર દુકાન બંધ રહી હતી તથા ટ્રાન્સપોર્ટ એસોસીએશન બંધ પાળ્યો હતો. પુલવામામાં થયેલા આંતકી હુમલાના પગલઆખા દેશે એકસંપ થઈને પોતાના આક્રોશ વ્યકત કર્યો છે અને શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી છે. આંતકવાદીઓ અને તેને પોષતા પાકિસ્તાનને હવે એવો જડબાતોડ જવાબ આપવામાં આવે કે તે ફરી ક્યારેય આવા હુમલો કરવાનું વિચારી પણ શકે નહી તેવા આક્રોશ વેપારીઓથી માંડી સામાન્ય લોકોએ વ્યકત કર્યો હતો. જવાનો પરના હુમલાની ઘટનાને પગલે અમદાવાદીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. શહેરની દરેક સંસ્થા, દરેક સમાજ, દરેક ધર્મના લોકોએ આ ઘટનાને સખત રીતે વખોડી હતી અને રોડ પર ઊતરી આવ્યા હતા અને પોતાનો રોષ વ્યકત કર્યો હતો. ગઇકાલે ન્યૂ કલોથ માર્કેટ ગેટ નં.૪ પાસે તમામ વેપારી મહાજનો દ્વારા કેન્ડલ માર્ચ યોજીને જાહેર શોકસભાનું આયોજન કરાયું હતું. શહેરના કુબેરનગર, ગોતા, અખબારનગર સહિતના વિસ્તારોમાં લોકોએ કેન્ડલ માર્ચ યોજીને પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવીને આક્રોશ વ્યકત કર્યો હતો. તો બીજી તરફ લોકો શહીદોના પરિવારને ફંડ આપવા માટે પણ આગળ આવી આવી રહ્યા છે. શહેરના નરોડા અને કુબેરનગરના વેપારીઓએ ફંડ એકઠું કરીને શહીદોના પરિવારને મોકલાવવાનો નિર્ણય કર્યો છે. વકીલોએ પણ ગઇકાલે ૮.૫૦ લાખ રૂપિયા શહીદોને મદદ કરવા માટે ભેગા કર્યા હતા. શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે શહેર પોલીસ તેમજ રેડક્રોસ સોસાયટીએ સાથે મળી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું છે. આમ, હવે દેશ માટે શહીદી વહોરનારા વીર જવાનો માટે હવે દેશની આમ જનતા પણ તેમના કુંટુંબીજનો અને પરિવારના ઉત્કર્ષ અને સહાય માટે આગળ આવી રહ્યા છે, તે દેશની એકતા, અખંડતિતતા અને રાષ્ટ્રીય ભાવવાનો મજબૂત પરિચય કરાવે છે.

બાઇક પર આવેલા શખ્સોની ફાયરિંગ કરી લૂંટ

# બેંકમાં ફાયરિંગ કરીને એક કરોડની લૂંટ કરાયાની શંકા

## લૂંટારૂં શખ્સો દ્વારા કરાયેલા ફાયરિંગમાં એક્સિસ બેંકના કર્મચારીને ઈજા : ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૧૬

કલોલ તાલુકામાં છત્રાલ જીઆઈડીસીમાં આવેલી એક્સિસ બેંકમાં ફાયરીંગ કરી લૂંટના બનાવને અંજામ અપાતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ છે. બાઈક પર આવેલા ત્રણ શખ્સ ફાયરિંગ કરી લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. સનસનાટીભર્યા લૂંટના આ બનાવમાં, અંદાજે એક કરોડ રૂપિયાની લૂંટ કરવામાં આવી હોવાની શક્યતા સેવાઈ રહી છે, જો કે, પોલીસ સમગ્ર મામલે તપાસ અને ખરાઈ કરી રહી છે. બીજીબાજુ, લૂંટારુ શખ્સ દ્વારા કરાયેલા ફાયરિંગમાં બેંકના કર્મચારીને પગમાં ગોળી વાગતા તેને ઈજા પહોંચતા સારવાર માટે તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. લૂંટની આ ગંભીર ઘટનાને પગલે કલોલ તાલુકા પોલીસ અને ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો બેંક પર પહોંચી ગયો હતો. પોલીસે બેંકના સીસીટીવી ફુટેજના આધારે ગુનાની તપાસ શરૂ કરી છે. પોલીસે સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી લૂંટારુઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, કલોલના છત્રાલ વિસ્તારમાં આવેલ જીઆઈડીસીમાં આવેલ એક્સિસ બેંકમાં બપોરે લગભગ ત્રણ વાગ્યાની આસપાસ લૂંટનો બનાવ બન્યો હતો. પેશન બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ ફાયરિંગ કરી લૂંટ ચલાવી હતી અને ગણતરીની સેકન્ડોમાં બાઈક પર જ ફરાર થઈ ગયા હતા. બેંકમાં લગભગ ૪૩.૮૮ લાખ રૂપિયાની લૂંટ કરવામાં આવી હોવાની શક્યતા છે. બેન્કના એક મહિલા કર્મીના સોનાના દોરાની પણ લૂંટ ચલાવી હતી. તમને જણાવી દઈએ કે, લૂંટારુંઓ હિન્દી ભાષા બોલતા હતા. બનાવની જાણ થતાં જ બેંક કર્મચારીઓ સહિત આસપાસના વિસ્તાર અને સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ તાત્કાલિક ત્યાં દોડી આવ્યો હતો. પોલીસ દ્વારા આસપાસના તમામ વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવી હતી. પોલીસે બેંકના અને આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, આ સમગ્ર ઘટનામાં લૂંટની રકમના આંકને લઈ હજુ સ્થિતિ સ્પષ્ટ થઇ શકી નથી. બેંકમાં રૂ.૪૩.૮૮ લાખની રકમ હતી પરંતુ બીજીબાજુ, બેંક વર્તુળમાં ચાલેલી ચર્ચા મુજબ, લૂંટની રકમનો આંક એક કરોડની આસપાસનો મનાઇ રહ્યો છે, જેથી પોલીસે હવે સમગ્ર મામલે ખરાઈની પણ તજવીજ હાથ ધરી છે કે, વાસ્તવમાં લૂંટારૂઓ કેટલી રકમ બેંકમાંથી લૂંટીને ફરાર થયા છે.

પોલીસે બેંક કર્મચારીઓ અને આસપાસના સ્થાનિકોની પ્રાથમિક પૂછપરછ હાથ ધરી હતી.

લોકસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસ પક્ષનો નિર્ણય

# કોંગ્રેસ CWC બેઠક ૨૮મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં

## કોંગ્રેસ વર્કિંગ કમીટી મિટિંગમાં સોનિયા, રાહુલ, પ્રિયંકા ગાંધી, મનમોહનસિંહ સહિતના દિગ્ગજો હાજરી આપશે

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૧૬

લોકસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસ પક્ષ હવે એકદમ એકશન મોડમાં છે અને આ વખતે કોઈપણ ભોગે સત્તાના શિખરો સર કરવા માટેનું બહુ ગણતરીપૂર્વકનું પ્લાનીંગ અને રણનીતિ ઘડી રહી છે. કોંગ્રેસ વર્કિંગ કમીટી(સીડબલ્યુસી)ની બહુ મહત્વની બેઠક આ વખતે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં યોજવાનો બહુ મોટો અને ઐતિહાસિક કહી શકાય તેવો નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા લેવાયો છે. કોંગ્રેસ વર્કિંગ કમીટીની ગુજરાતમાં યોજાનારી આ મહત્વની બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મનમોહનસિંહ, એહમદ પટેલ સહિતના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે. સીડબલ્યુસીની બેઠક બાદ ભવ્ય રોડ શોનું પણ આયોજન કરવામાં આવે તેવી શકયતા છે, જેમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ ગુજરાતની જનતાને કોંગ્રેસ તરફી મતદાન માટે આકર્ષવાનો પ્રયાસ કરશે. લોકસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસ પક્ષ દ્વારા બહુ ગંભીરતાપૂર્વક અને ગણતરીપૂર્વકના આયોજન ચાલી રહ્યા છે. ખાસ કરીને ચૂંટણીલક્ષી રણનીતિ આ વખતે કંઈક અલગ પ્રકારની ઘડાઈ રહી છે કે જેથી ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાં કોંગ્રેસને મોટો ફાયદો થાય તો, ગઠબંધન અને તડજોડની નીતિના સહારે કેન્દ્રની સત્તા મેળવવાનો સીધો અને મોટો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસ વર્કિંગ કમીટી(સીડબલ્યુસી)ની બેઠકમાં બહુ મહત્વની અને નોંધનીય ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. અગાઉ સીડબલ્યુસીની બેઠક તા.૨૬મી ફેબ્રુઆરીએ યોજાવાની હતી પરંતુ હવે તા.૨૮મી ફેબ્રુઆરીએ કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક યોજવાનું નક્કી થયું છે અને તે પણ ગુજરાતમાં. જેને લઇ ગુજરાત કોંગ્રેસમાં ભારે ઉત્સાહ અને ઉમંગનો માહોલ છવાયો છે. કારણ કે, સીડબલ્યુસીની બેઠક ગુજરાતમાં યોજાય તે ગુજરાત કોંગ્રેસ માટે પણ ગર્વની વાત છે કારણ કે, તેનો મતલબ એ છે, કોંગ્રેસ દ્વારા લોકસભાની ચૂંટણીને લઇ દેશમાં તમામ રાજયોની સરખામણીમાં ગુજરાત પર મુખ્ય ફોક્સ કરવામાં આવ્યું છે. તેનું એક કારણ એ પણ છે કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંને ગુજરાતના છે. તેથી ગુજરાતની જીત કોંગ્રેસ માટે બહુ મોટી અને મહત્વની છે. કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મનમોહનસિંહ, એહમદ પટેલ સહિતના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે. સીડબલ્યુસીની બેઠક બાદ ભવ્ય રોડ શોનું પણ આયોજન કરવામાં આવે તેવી શકયતા છે, જેમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ ગુજરાતની જનતાને કોંગ્રેસ તરફી મતદાન માટે આકર્ષવાનો પ્રયાસ કરશે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ હવે સીડબલ્યુસીની બેઠકને લઇ તડામાર તૈયારીઓમાં પડયા છે. ખાસ કરીને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, પ્રિયકાં ગાંધી અને મનમોહન સિંહ સહિતના રાષ્ટ્રીય નેતાઓનો રોડ શો યોજાય તો તેની કેવી રીતે તૈયારી કરવી તેનો રોડ મેપ પણ તૈયાર થઇ રહ્યો છે. સીડબલ્યુસીની બેઠકને લઇ કોંગ્રેસમાં ઉત્સાહનો માહોલ છવાયો છે.

ઘાયલ મિત્ર સારવાર માટે હોસ્પિટલમાં દાખલ

# વટવામાં : નજીવી બાબતે એક મિત્રએ બીજાને ઘા ઝીંકી દીધા

## બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર : વટવા પોલીસે હુમલો કરનાર યુવકની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા. ૧૬

શહેરમાં વટવા વિસ્તારમાં આવેલા પુનિતનગર બસ સ્ટેન્ડ પાસે ગઈકાલે રાતે એક યુવક ઉપર સામાન્ય બાબતે તેના મિત્રએ ચપ્પા વડે હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. મજાક-મસ્તી કરવાની બાબતમાં વાત વણસી અને એક તબક્કે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ઉશ્કેરાયેલા એક મિત્રએ આવેશમાં આવી જઇ પોતાના જ મિત્રને ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા. જેને પગલે ઘાયલ મિત્રને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો. બીજીબાજુ, વટવા પોલીસે હુમલો કરનાર મિત્ર વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના વટવા વિસ્તારમાં આવેલા સાંઈનાથ એપાર્ટમેન્ટમાં રહેતા કનૈયા ઠાકોરે વટવા પોલીસ સ્ટેશનમાં તેના મિત્ર સામે હત્યાના પ્રયાસ અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, કનૈયા અને તેનો મિત્ર રાજ ગઈકાલે બપોરે રિક્ષામાં જતા હતા ત્યારે હાથીજણ પાસે મસ્તી મસ્તીમાં બોલાચાલી અને ઝઘડો થયો હતો, જેની અદાવત રાખીને ગઈકાલે રાતે આઠ વાગ્યાના સમયે કનૈયા પુનિતનગર પાસે ઊભો હતો ત્યારે રાજ તેની પાસે ગયો હતો અને બપોરે કેમ ઝઘડો કરતો હતો તેમ કહીને બિભસ્ત ગાળો બોલી બબાલ શરૂ કરી હતી. કનૈયાએ ગાળો બોલવાની ના કહેતાં રાજ તેની પર ઉશ્કેરાયો હતો અને એકાએક હુમલો કરી દીધો હતો. રાજે કનૈયાને પેટમાં અને હાથના ભાગે ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા અને ફરાર થઇ ગયો હતો. ઈજાગ્રસ્ત કનૈયાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ વટવા પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા અને હુમલો કરનાર મિત્ર રાજ વિરુદ્ધમાં ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. જો કે, બનાવને લઇ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી.

કેબિનેટ મંત્રી ગણપત વસાવાનો પણ જનાક્રોશ

# જરૂર હોય તો ચૂંટણીને રોકી દો, પણ પાકિસ્તાને ઠોકી દો

## દેશમાં લોકસભાની ચૂંટણી પહેલાં પાકિસ્તાનમાં શોકસભા થાય તેવી લાગણી પણ ગણપત વસાવાએ વ્યકત કરી છે



પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૧૬

સુરત જિલ્લાના માંગરોળના બણભા ડુંગર ખાતે પાંચ કરોડના ખર્ચે પ્રવાસન કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવ્યું તો પ્રસંગે રાજયના કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ પુલવામાના શહીદોના બલિદાન બાદ દેશભરમાં ઉઠેલા જનાક્રોશની તરફેણ કરતાં બહુ મહત્વપૂર્ણ નિવેદન કર્યું હતું કે, પુલવામામાં જે રીતે પાકિસ્તાને કાયરતાપૂર્ણ આંતકવાદી કાર્ય કર્યું છે, તેનાથી દેશભરમાં રોષ છે. તેથી, જરૂર હોય તો, લોકસભાની ચૂંટણી રોકી દો પરંતુ તે પહેલાં પાકિસ્તાનને ઠોકી દો.

વસાવાએ ભારતમાં લોકસભાની ચૂંટણી યોજાય તે પહેલા પાકિસ્તાનમાં શોકસભા થાય તેવો વળતો જવાબ આપવાની વાત ગણપત વસાવાએ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીએ મંત્રી વસાવાના હુંકાર અને લાગણીને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. તો બીજીબાજુ, ભાજપ અને કોંગ્રેસ પક્ષામાંથી પણ વસાવાની લાગણીને સમર્થન મળ્યું હતું. પ્રવાસન કેન્દ્રના ઉદ્ઘાનટ પ્રસંગે કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ હુંકાર કરતાં જણાવ્યું હતું કે, ઉરી હુમલા બાદ સર્જીકલ સ્ટ્રાઈક કરીને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. પરંતુ ફરી પાકિસ્તાનને કરેલા અમાનવીય કૃત્યનો બદલો મોદી સરકાર જરૂર લેશે. મોદી સરકારને સેના પર પુર્ણ ભરોસો છે એટલે તેમણે સેનાને છૂટ આપી છે. યોગ્ય સમયે અને યોગ્ય જગ્યાએ એવો બદલો લો કે પાકિસ્તાન સીધું થઈ જાય. વસાવાએ ત્યાં સુધી કહ્યું હતું કે, વીર શહીદોના બલિદાન માટે પાકિસ્તાન સામે બદલો લેવા માટે જરૂર હોય તો લોકસભાની ચૂંટણી બે મહિના રોકી દો, પરંતુ પહેલા પાકિસ્તાનને ઠોકી દો. વસાવાએ ભારત દેશમાં લોકસભાની ચૂંટણી યોજાય તે પહેલાં પાકિસ્તાનમાં જોરદાર શોકસભા યોજાય તે માટેની હિમાયત કરી હતી. વસાવાની લાગણીનો લઇ ઉપસ્થિત જનમેદની પણ સમર્થનમાં નારા લગાવવા માંડી હતી અને તાળીઓના ગડગડાટથી તેમની લાગણીને વધાવી લીધી હતી.

પ્રથમવાર એક કલાકમાં ચાર બજેટ મંજુર કરાયા

# કોંગ્રેસ પાર્ટીના બેશરમીભર્યા વિરોધ અને હોબાળાથી રોષ

## શર્ટ કાઢી વિરોધ વ્યકત કરાયો : સભામાં ફાઈલો, કાગળો ઉછળ્યા : બજેટ સભામાં પ્રથમવાર ગરિમાનું હનન કરાયું

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા. ૧૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું બજેટ મંજુર કરવા માટે આજે સામાન્ય સભા મળી હતી. આ સભામાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ એક તબક્કે ગૃહની ગરિમા નેવે મૂકી શરમજનક રીતે હોબાળો મચાવ્યો હતો. અમ્યુકો વિપક્ષ કોંગ્રેસના કેટલાક સભ્યોએ મહિલા કોર્પોરેટરો અને આગેવાનોની હાજરીમાં શર્ટ કાઢી નાંખી વિરોધ પ્રદર્શિત કર્યો હતો, જેને લઈને વિપક્ષનો આવા બેશરમીભર્યો વિરોધ ટીકા અને નિંદાને પાત્ર બન્યો હતો. એક તબક્કે મ્યુનિસિપલ સામાન્ય સભામાં ફાઈલો અને કાગળો ઉછળ્યા હતા અને વેરવિખેર નીચે પડેલા વરવા દ્રશ્યો જોવા મળ્યા હતા. મ્યુનિસિપલ સામાન્ય સભામાં આજનો વિપક્ષનો વિરોધ વિપક્ષને સુધારાની ચર્ચા સમય મર્યાદામાં રહી કરવાનું કહેતા મામલો બિચક્યો હતો. સભાના હોબાળા દરમ્યાન વિપક્ષના સભ્યોએ એક તબક્કે મેયર ચોર છે...મેયર ચોર છે...ચોકીદાર ચોર છે...ચોકીદાર ચોર છે...ના નારા લગાવતાં વાતાવરણ બહુ ગરમાયું હતું અને તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. મેયર શ્રીમતી બીજલબહેન પટેલે વિપક્ષના સભ્યોની આકરા શબ્દોમાં નિંદા કરતાં જણાવ્યું હતું કે, પુલવામામાં આંતકવાદી હુમલામાં સીઆરપીએફના ૪૫ જવાનોની શહીદીને લઈ સમગ્ર દેશમાં ઘેરા શોકનું વાતાવરણ છે ત્યારે વિપક્ષે ઘટનાની ગરિમા કે મર્યાદા નહી જાળવી વાહિયાત મુદ્દામાં શ્રધ્ધાંજલિ કે શોકમાં સહભાગી બનવાને બદલે હસી હસીને નારાબાજી કરી સભાની ગરિમાને લાંછન લગાડયું છે, જે બહુ ગંભીર, દુઃખદ અને શરમજકન ઘટના છે. વિપક્ષના શોરબકોર અને હોબાળા વચ્ચે આજે મેયરે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, એએમટીએસ, એમ.જે.લાયબ્રેરી અને વી.એસ.હોસ્પિટલના એમ ચારેય બજેટ ગણતરીની મિનિટોમાં મંજૂર કરાવી જેને લઈ વિપક્ષે ઉગ્ર વિરોધ કર્યો હતો અને મેયરની ઓફિસ સામે ધરણાં પર બેસી ગયા હતા. આજે મ્યુનિસિપલ બોર્ડની સામાન્ય સભા મળી ત્યારે શરૂઆતમાં પુલવામાના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપરોકત ચારેય બજેટને લઇ મેયરે પહેલેથી જ વિપક્ષ સહિતના સભ્યોને પાંચથી પંદર મિનિટ સુધી બોલવાનો ટાઈમ પિરિયડ આપી દીધો હતો. જેને લઈ દાણીલીમડાના કોર્પોરેટર શાહનવાઝ પઠાણ અને મ્યુનિસિપલમાં પક્ષના નેતા અમિત શાહ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં વાત વણસી હતી અને વિપક્ષનો હોબાળો ઉગ્ર બન્યો હતો. મામલો બીચકતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ જોરદાર સૂત્રોચ્ચાર અને નારાબાજી શરૂ કર્યા હતા.

એક તબક્કે ફાઈલો, કાગળો અને દસ્તાવેજો સભામાં ફેંકાયા હતા અને ઉછાળાયા હતા. જેને લઈ સામાન્ય સભાની ગરિમાને હાનિ પહોંચી હતા. સામાન્ય રીતે બજેટની સામાનાય સભામાં આ પ્રકારની ધમાલ કે તોફાન જોવા મળતાં નથી હોતા પરંતુ આ વખતે મામલો ગરમાયો હતો. વિપક્ષના હોબાળા વચ્ચે ફક્ત એક કલાકમાં મેયર બીજલબહેન પટેલે બહુમતીના આધારે તમામ બજેટને મંજૂર કરતાં કોર્પોરેશનના ઈતિહાસમાં અભૂતપૂર્વ ઘટના બની હતી. બજેટના મુદ્દાને લઈ મળેલી સામાન્ય સભામાં ગરિમાનું હનન કરતાં આજના વરવા દ્રશ્યો સૌપ્રથમવાર જોવા મળ્યા હતા. જાણકાર સૂત્રોના મતે, આજની બજેટ બેઠકના પહેલા દિવસે સાંજના ૭ વાગ્યા સુધી આ ચારેય સલગ્ન સંસ્થાની ચર્ચા થવાની હતી અને આવતીકાલે જનરલ બજેટ પર ચર્ચા કરાઈને છેલ્લે આ તમામ બજેટ પર મતદાન લેવાનું હતું. પરંતુ કોર્પોરેશનના ઈતિહાસમાં પ્રથમવાર માત્ર એક કલાકમાં ચારેય બજેટને મંજૂરી અપાઈ છે. હવે આવતી કાલે સવારે ૧૦ વાગે જનરલ બજેટની ચર્ચા માટે બોર્ડ મળશે, ત્યારે તેમાં શું થાય છે તેની પર સૌની નજર છે.

પડતર માંગણીઓને લઈ આજે સામૂહિક મુંડન

# પગાર વધારાની માંગ સાથે શિક્ષણ સહાયકો મેદાનમાં

## શિક્ષણ સહાયક સમિતિ દ્વારા ગુજરાતવ્યાપી આંદોલનની જાહેરાત : એક પછી એક તબક્કાવાર કાર્યક્રમો પણ કરાશે

પ્રતિનીધી દ્વારા

અમદાવાદ,તા.૧૬

પગાર વધારાની માંગણી સહિતના પડતર પ્રશ્નોને લઈ મુદ્દે છેલ્લા ઘણા સમયથી લડત ચલાવી રહેલા ગ્રાન્ટેડ શાળાઓમાં ફરજ બજાવી રહેલા શિક્ષણ સહાયકોએ હવે રાજય સરકાર સામે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. શિક્ષણ સહાયકો દ્વારા રાજય સરકારને અલ્ટિમેટમ આપી પોતાની પડતર માગણીઓ તાત્કાલિક ધોરણે ઉકેલવા ચીમકી આપી છે. ગુજરાત રાજ્ય શિક્ષણ સહાયક સમિતિ દ્વારા હવે રાજય સરકાર સામે લડાયક મૂડમાં રાજયવ્યાપી કાર્યક્રમો આપવાની તૈયારી કરવામાં આવી છે. જેના ભાગરૂપે આવતીકાલે કુલ ૧૬૫૦ શિક્ષણ સહાયક જેમાં ૬૫૦ મહિલા અને ૧૦૦૦ પુરુષ ગ્રાન્ટેડ શિક્ષણ સહાયકનો સમાવેશ થાય છે તેઓ, પડતર માંગણીઓ અને સરકારના અસહકારભર્યા વલણના વિરોધમાં આવતીકાલે સામૂહિક મૂંડન કરાવશે.

ગુજરાત રાજયમાં છેલ્લાં બે વર્ષથી સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળા સહિત તમામ વિભાગમાં ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૪૨૦૦ અને ૪૪૦૦ ગ્રેડ પેના તમામ ફિક્સ પગારના કર્મચારીઓને અનુક્રમે રૂ.૩૧,૩૪૦ અને ૩૮,૦૯૦ પગાર ચૂકવવામાં આવે છે, તેમજ ૨૮૦૦ ગ્રેડ પેના ફિક્સ પગારના તમામ વિભાગના કર્મચારીઓને પણ રૂ.૩૧,૩૪૦ પગાર ફેબ્રુઆરી ૨૦૧૭થી ચૂકવાય છે, ત્યારે ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિકમાં ૪૨૦૦ અને ૪૪૦૦ના પે ગ્રેડના શિક્ષણ સહાયકને આ અનુક્રમે રૂ ૨૫,૦૦૦ અને ૨૬,૦૦૦ પગાર આપવામાં આવી રહ્યો છે. રાજય સરકારને પડતર પ્રશ્નોને ઉકેલવા ઘણો સમય આપ્યા બાદ પણ કોઈ નિરાકરણ નહી આવતાં ગુજરાત રાજય શિક્ષણ સહાય સમિતિ તરફથી હવે લડાયક મિજાજ અપનાવાયો છે. સમિતિ તરફથી રાજયવ્યાપી આંદોલન અને કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં આવતીકાલે શિક્ષણસહાયકો દ્વારા સામૂહિક મુંડન કરવામાં આવશે. પ્રાથમિક તબક્કે અત્યારસુધી કુલ ૧૬૦૦થી વધુ સહાયકોના મુંડન કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન આવ્યા છે. જે આંક વધી શકે તેવો અંદાજ છે.